# માર્ચ ૨૦૧૫

# Most IMP Current Affairs




**Useful For....**
**UPSC, GPSC, GAUN SEVA, PSI, SSC, CDS, NDA, AIR FORCE, NAVY, IB, IFS, RBI, IBPS, SBI, TAT, TET, HTAT, Railway, Post, LIC, GIC, AAO, GCET, MBA & All Competitive Exams**

www.crackgpsc.com

www.crackgpsc.com

# માર્ચ ૨૦૧૫

## We are famous for…

**The Most IMP,**

**Authentic,**

**To the point,**

**Up to date**

## Material




www.crackgpsc.com

# Most Imp Current Affairs – March 2015

## ➢ 1st week

- પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (Peoples Demo\u0acdratic Party-PDP)ના નેતા મુફ્તી મોહમ્મદ સઈદે જમ્મુ-કાશ્મીરના 12મા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. રાજ્યપાલ એનએન વોહરાએ તેમને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા. ભાજપના નિર્મલ સિંઘને રાજ્યના નાયબ મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા. બે મહિલા ધારાસભ્ય પ્રિયા સેઠી (ભાજપ) અને આશિયા નક્કાસે (PDP) પણ મંત્રી તરીકે શપથ લીધા. આ પ્રથમ વખત છે કે જ્યારે ભાજપ PDP સાથે સંયુક્ત સરકાર બનાવવા માટે સહમત થયા પછી જમ્મુ-કાશ્મીરમાં સરકારનો ભાગ બની છે.
- ભરત પુરીને પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર નિયુક્ત કરવામાં આવ્યા. ભરત પુરી વર્ષ 2008 પછીથી કંપનીના સ્વતંત્ર ડિરેક્ટર હતા. ભરત પુરી એમબી પારેખનું સ્થાન લેશે જેમનો કાર્યકાળ 10 એપ્રિલ 2015 ના દિવસે પૂરો થશે.
- સ્પેનના ટેનિસ ખેલાડી રાફેલ નડાલે જુઆન મોનાકોને હરાવી આર્જેન્ટિના ઓપન ટેનિસ ટુર્નામેન્ટ 2015નો ખિતાબ જીત્યો. આ જીત સાથે જ રાફેલ નડાલ ઓપન ટેનિસના ઇતિહાસમાં સૌથી વધુ ખિતાબ જીતનાર ખેલાડીઓની યાદીમાં પાંચમા નંબરે આવી ગયા. ટોચ પર અમેરિકાના જિમ્મી કોનોર્સ છે જેમણે 109 ખિતાબ જીત્યા છે.
- જગમોહન દાલમિયાને ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બૉર્ડ (Board of Control for Cri\u0acdket in India-BCCI)ના અધ્યક્ષ તરીકે ચૂંટવામાં આવ્યા. તેઓ બીજી વાર BCCIના અધ્યક્ષ બન્યા. હિમાચલ પ્રદેશ ક્રિકેટ સંઘના પ્રમુખ અનુરાગ ઠાકુર BCCI સચિવ બન્યા. તેમણે સંજય પટેલને હરાવ્યા. ટી સી મેથ્યૂઝને ઉપપ્રમુખ, અનિરુદ્ધ ચૌધરીને ખજાનચી અને અમિતાભ ચૌધરીને સંયુક્ત સચિવ તરીકે પસંદ કરવામાં આવ્યા. દાલમિયા વર્ષ 1997થી ત્રણ વર્ષ માટે ICC અધ્યક્ષ પણ રહી ચૂક્યા છે. IPL-6માં કથિત સટ્ટાબાજી અને સ્પૉટ ફિક્સિંગ કેસમાં મુદગલ સમિતિની તપાસ પછી સુપ્રીમ કોર્ટની સૂચના પર એન શ્રીનિવાસનને અધ્યક્ષ પદ છોડવું પડ્યું હતું. આથી જ BCCI દ્વારા નવી ચૂંટણી યોજવામાં આવી.
- બલદેવ શર્મા ને કેન્દ્ર સરકારે નેશનલ બુક ટ્રસ્ટ (National Book Trust-NBT)ના અધ્યક્ષ નિયુક્ત કર્યાં .તેમણે એ .સેતુમાધવનનું સ્થાન લીધું .નેશનલ બુક ટ્રસ્ટની સ્થાપના1957 માં તત્કાલીન વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુએ કરી હતી.

www.crackgpsc.com

- ભારતીય મૂળના વકીલ કન્નન રમેશને સિંગાપુરની સુપ્રીમ કોર્ટ બેન્ચના ન્યાયિક આયુક્ત નિયુક્ત કરવામાં આવ્યા .તેઓ 22 મે2015 ના દિવસે તેમનો પદભાર સંભાળશે .તેમનો કાર્યકાળ બે વર્ષનો હશે.
- બિન અરબી ભારતીય ઇસ્લામિક સ્કૉલર ડૉ .ઝાકિર નાઇકને ઇસ્લામની સેવા માટે કિંગ ફૈઝલ આંતરરાષ્ટ્રીય પુરસ્કાર 2015-KFIP, T૨e King Fai al International Prize for 2015 આપવામાં આવ્યો.
- સ્વિટ્ઝર્લેન્ડના ટેનિસ ખેલાડી રોજર ફેડરરે દુબઈ ડ્યૂટી ફ્રી ચેમ્પિયનશિપનો પુરુષ એકલ ખિતાબ જીત્યો .ફેડરરે ફાઇનલમાં નોવાક જોકોવિચને હરાવી સાતમી વખત આ ખિતાબ જીત્યો.
- રેલવેએ ટ્રેન ટિકિટો માટે ગો-ઇન્ડિયા સ્માર્ટ કાર્ડ સ્કીમ શરૂ કરી .આ સ્કીમ અત્યારે રેલવેના બે વિભાગો) નવી દિલ્હી-મુંબઈ અને નવી દિલ્હી-હાવરા(માં પાયલોટ ધોરણે શરૂ કરવામાં આવી . ગો-ઇન્ડિયા સ્માર્ટ કાર્ડથી પ્રવાસી અનામત અને બિનઅનામત ટિકિટો માટે પેમેન્ટ કરી શકે છે . સ્માર્ટ કાર્ડની વધુમાં વધુ મર્યાદા10 , 000રૂપિયા છે .
- ચીનની ટેક્નોલૉજી કંપની હ્યુવેઇએ ગૂગલના એન્ડ્રોઇડ વિયર ઑપરેટિંગ સિસ્ટમ પર આધારિત પ્રથમ એન્ડ્રોઇડ વિયર સ્માર્ટવૉચ હ્યુવેઇ વૉચ લૉન્ચ કરી.
- ફૉર્બ્સ મેગેઝિનની વિશ્વના સૌથી ધનિક વ્યક્તિઓની યાદીમાં માઇક્રોસોફ્ટના સહ-સ્થાપક બિલ ગેટ્સ 79.2 અબજ અમેરિકન ડૉલરની કુલ સંપત્તિ સાથે પ્રથમ સ્થાને છે .વિશ્વના સૌથી ધનિક વ્યક્તિઓની યાદીમાં ભારતના 90 વ્યક્તિ સામેલ છે .જેમાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના મુકેશ અંબાણી39 મા, દિલીપ સંઘવી44 મા અને અઝીમ પ્રેમજી48 મા સ્થાને છે.
- ઑનલાઇન ટેક્સી સર્વિસ ગ્રુપ ઓલા કેબ્સે બેંગલુરુ આધારિત તેની પ્રતિસ્પર્ધી ટેક્સી ફૉર શ્યોરનું 200 મિલિયન યુએસ ડૉલરમાં અધિગ્રહણ કર્યું. આ ભારતમાં ટેક્સી-ગ્રુપ ક્ષેત્રમાં પ્રથમ મોટું સંપાદન છે. આ સંપાદન સાથે 100000 વાહનોની ક્ષમતાવાળી ઓલા કેબ્સમાં ટેક્સી ફૉર શ્યોરના અન્ય 15000 વાહનોના પ્રવેશથી ઓલા કેબ્સનો વ્યાપાર વધશે.
- રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ મહારાષ્ટ્ર પશુ સંરક્ષણ (સુધારો) ખરડો 1995ને મંજૂરી આપી. આ સુધારાથી હવે મહારાષ્ટ્રમાં બળદની કતલ ગેરકાનૂની કૃત્ય મનાશે. રાષ્ટ્રપતિએ ભારતીય બંધારણની કલમ 201ની જોગવાઇઓ હેઠળ આ સુધારાને પોતાની મંજૂરી આપી છે. હવે જો મહારાષ્ટ્રમાં કોઇ ગૌમાંસ વેચતાં ઝડપાશે તો તેને પાંચ વર્ષની જેલ અને 10000 રૂપિયા સુધીનો દંડ થઇ શકે છે.
- ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર કીર્તિ આઝાદના જીવન પર આધારિત હિન્દી ફિલ્મ કિરકેટ (Kirket) લૉન્ચ કરવામાં આવી. કીર્તિ આઝાદ હિન્દી ફિલ્મ કિરકેટના અભિનેતા છે. તે દરભંગાથી ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના સાંસદ છે.



www.crackgpsc.com

- ભારતીય મૂળના અમેરિકન ચિકિત્સક રાહુલ જિંદાલ પ્રતિષ્ઠિત ફુલબ્રાઇટ-નેહરુ વિશેષ સન્માન માટે પસંદગી કરાઈ. રાહુલ જિંદાલ મેરીલેન્ડના બેથેસ્ડામાં યુનિફોર્મ્ડ સર્વિસ યુનિવર્સિટી ઑફ હેલ્થ સાયન્સિઝમાં સર્જરીના પ્રોફેસર છે. ફુલબ્રાઇટ સ્કૉલર કાર્યક્રમ હેઠળ આ સન્માનને સૌથી પ્રતિષ્ઠિત સન્માન માનવામાં આવે છે.
- પ્રખ્યાત પક્ષી વૈજ્ઞાનિક કે એસ લવકુમાર ખચરનું અવસાન થયું. ખચર ભારતના જાણીતા પ્રકૃતિ સંરક્ષક હતા. તેમણે પક્ષી વિજ્ઞાન, પ્રકૃતિ અને વન્ય જીવન સંરક્ષણ વિશે જાગૃતિ ફેલાવવાનું કામ કર્યું. તેઓ બૉમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી (BNHS) અને ભારતના વર્લ્ડ વાઇડ ફંડ (WWF) સાથે લાંબા સમય સુધી સંકળાયેલા રહ્યા. લવકુમાર ખચર ગુજરાતના જસદણના તત્કાલિન રાજવી પરિવારના હતા. તેમણે રાજકોટની રાજકુમાર કૉલેજથી શિક્ષણ મેળવ્યુ હતું. તેમણે ગુજરાતના કચ્છના અખાતના ટાપુઓ અને ગીર જંગલોમાં એશિયાઇ સિંહોના રક્ષણ માટે વિવિધ અભિયાનોનું નેતૃત્વ કર્યું.
- બૉલીવુડ અભિનેત્રી રાની મુખરજી નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ જેન્ડર જસ્ટિસ દ્વારા મહિલાઓ અને કન્યાઓના રક્ષણ અને સુરક્ષાના મુદ્દાને શ્રેષ્ઠ રીતે પ્રસ્તુત કરવા બદલ રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત. રાની મુખરજીઆ પ્રતિષ્ઠિત પુરસ્કારથી સન્માનિત થનારી પ્રથમ અભિનેત્રી છે. રાની મુખરજીને બાળકોના ગેરકાનૂની વેપાર વિશેની જાગૃતિ ફેલાવવા માટે સન્માનિત કરવામાં આવી. રાની મુખરજીએ મર્દાની ફિલ્મમાં શક્તિશાળી અને નીડર મહિલા પોલીસ અધિકારીનો અભિનય કર્યો હતો જે મહિલાઓ સામે ગુના, જાતિય શોષણ અને કન્યાઓની હેરફેરને રોકવાનું કામ કરે છે. તેની પહેલાં આ સન્માન અણ્ણા હજારે, પ્રતિભા પાટિલ, પંડિત જસરાજ અને મહાશ્વેતા દેવીને આપવામાં આવ્યું છે.
- 3 માર્ચ 2015 ના દિવસે વિશ્વ વન્યજીવન દિન ઉજવવામાં આવ્યો. આ દિવસનો વિષય 'વન્ય જીવ અપરાધ ગંભીર છે, વન્ય જીવ અપરાધ વિશે ગંભીર બનો' રાખવામાં આવ્યો.
- વિશ્વનો સૌથી મોટો અને ઊંચો ભારતનો રાષ્ટ્રીય ધ્વજ હરિયાણાના ફરીદાબાદમાં આવેલા ટાઉન પાર્કમાં ફરકાવવામાં આવ્યો. આ ધ્વજ ભાજપ અધ્યક્ષ અમિત શાહ, હરિયાણાના મુખ્યમંત્રી એમ એલ ખટ્ટર અને બૉલીવુડ અભિનેતા રણબીર કપૂરે ફરકાવ્યો. આ ધ્વજની પહોળાઈ 64 ફૂટ અને લંબાઈ 96 ફૂટ છે અને તેનું વજન 48 કિલોગ્રામ છે. આ ધ્વજ 250 ફૂટ (75 મીટર)ની ઊંચાઈ પર ફરકાવવામાં આવ્યો. આ કાર્યક્રમ બેટી બચાઓ બેટી પઢાઓ અભિયાન અને સ્વચ્છ ભારત મિશન જેવા સામાજિક મુદ્દાઓ પર કામ કરતા નવ ચેતના ટ્રસ્ટ દ્વારા યોજવામાં આવ્યો.
- દક્ષિણ આફ્રિકાના હાશિમ અમલા વન ડે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી ઝડપી 20 સદી બનાવનાર ખેલાડી બન્યા. અમલાએ આયર્લેન્ડ સામે આ ઉપલબ્ધિ મેળવી. અમલાએ 128 બૉલમાં 159 રન બનાવ્યા. હાશિમ અમલાએ કેરિયરના 108મા દાવમાં 20મી એક દિવસીય

સદી પૂરી કરી. અમલાએ ભારતના બેટ્સમેન વિરાટ કોહલીનો રેકોર્ડ તોડ્યો જેમણે કેરિયરના 133મા દાવમાં આ ઉપલબ્ધિ મેળવી હતી.

- ઓલમ્પિક ચંદ્રક વિજેતા બૉક્સર એમ સી મેરીકોમે રિયો ઓલમ્પિક ગેમ્સ 2016 પછી બૉક્સિંગથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી.
- કેન્દ્રિય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ 'શિપિંગ સંવાદ' વેબસાઇટ શરૂ કરી. આ વેબસાઇટ લોન્ચ કરવાનો મુખ્ય હેતુ જાહેર જનતા અને ભારતીય વહાણવટા ક્ષેત્રથી જોડાયેલા નિષ્ણાતોના અનોખા વિચાર અને મંતવ્યોનો સ્વીકાર કરવાનો છે, જેથી શિપિંગ, બંદરો અને આંતરિક જળમાર્ગ ક્ષેત્રે સુધારો શક્ય બને.
- નાગરિકતા સુધારા ખરડો 2015 લોકસભામાં પસાર. તેના હેઠળ 'ઓવરસીઝ સિટિઝન ઑફ ઇન્ડિયા' (Overseas Citizenship of India-OCI) અને 'પર્સન ઑફ ઇન્ડિયન ઓરિજિન (Person of Indian Origin-PIO) નું પરસ્પર વિલીનીકરણ કરવામાં આવ્યું. તેનો મુખ્ય હેતુ છે સમગ્ર વિશ્વમાં ભારતીય સંસ્કૃતિ અને મૂલ્યો માટે સમર્પિત ભારતીય સમુદાયના લોકો વતન સાથે જોડાઈ શકે. નવા OCI કાર્ડ ધારકોને સંપૂર્ણ નાગરિકના અધિકારો મળશે નહીં. તેમને ભારતમાં ખેતી માટે જમીન ખરીદવા, રાજકીય અને સત્તાવાર હોદ્દો લેવાની છૂટ મળશે નહીં. જોકે ભારતમાં બેવડી નાગરિકતાની જોગવાઈ નથી, પરંતુ નાગરિકતા સુધારા ખરડો 2015ના પસાર થયા પછી ભારતીય મૂળના વિદેશી નાગરિકોને લગભગ ભારતીય નાગરિકતા જેવી જ સુવિધાઓ મળશે. એટલે કે તેઓ રાજકીય ભાગીદારીમાં જોડાઇ શકશે નહીં, પરંતુ ભારતમાં તેમને રહેવાની, વ્યવસાય કરવાની અને અન્ય કોઈ બાબતોમાં ભારતીય નાગરિકોની જેમ જ તમામ સુવિધાઓ મળશે. તેમને હવે પોલીસ મથકોમાં જઇને રજીસ્ટ્રેશન કરાવવાની જરૂર પડશે નહીં. તેમને વિઝા લેવામાં સરળતા રહેશે.
- ભારતના ચૂંટણી પંચે નેશનલ ઇલેક્ટોરલ રોલ પ્યોરિફિકેશન એન્ડ ઑથેન્ટિકેશન પ્રોગ્રામ (National Electoral Roll Purification and Authentication Programme-NERPAP) અભિયાનને સમગ્ર ભારતમાં શરૂ કર્યું. તેનો હેતુ મતદાર યાદીને ભૂલ મુક્ત અને સાચી બનાવવાનો છે. આ કાર્યક્રમ હેઠળ મતદારોના EPIC (ઇલેક્શન પ્રાઇવસી ઇન્ફોર્મેશન સેન્ટર) ડેટાને ભારતીય વિશિષ્ટ ઓળખ અધિકાર (UIDAI) ના આધાર ડેટા સાથે જોડવામાં આવશે. દરેક વ્યક્તિએ પોતાનું આધાર કાર્ડ પોતાના મતદાર ઓળખ પત્ર સાથે લિંક કરવું જરૂરી બનશે.
- ભારતીય વાયોલિન વાદક એલ સુબ્રમણ્યમ અને કથક નૃત્યાંગના રોશન કુમારીને હાફિઝ અલી ખાન પુરસ્કાર-2014 થી સન્માનિત. આ 30મો હાફિઝ અલી ખાન પુરસ્કાર છે. ભારતના વાયોલિન વાદક અને સંગીતકાર સુબ્રમણ્યમ કર્ણાટક શાસ્ત્રીય સંગીત અને પાશ્ચાત્ય શાસ્ત્રીય સંગીતમાં નિષ્ણાત છે. ત્યાં જ જયપુર પરિવારની રોશન કુમારી ભારતની એક મુખ્ય કથક નૃત્યાંગના છે.

હાફિઝ અલી ખાન પુરસ્કાર:

☞ આ પુરસ્કારની સ્થાપના ભારતના સરોદ વાદક ઉસ્તાદ અમજદ અલી ખાને તેમના પિતા તથા ગુરુ હાફિઝ અલી ખાનની યાદમાં વર્ષ 1985માં કરી હતી. હાફિઝ અલી ખાન ગ્વાલિયર પરિવારના સંગીતકાર હતા. આ પુરસ્કાર દર વર્ષે સંગીત ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન કરનાર વ્યક્તિને એનાયત કરવામાં આવે છે.

- ભારતીય રિઝર્વ બેંકે રેપો રેટ 0.25% ઘટાડીને 7.5% કર્યો. રેપો રેટમાં ઘટાડાથી આવાસ, વાહન અને કૉર્પોરેટ લૉન સસ્તી થવાની ધારણા છે. નવા દરો તાત્કાલિક અસરથી લાગુ થયા. રિવર્સ રેપો રેટને 4% પર યથાવત રાખવામાં આવ્યો.
- ઑસ્ટ્રેલિયાએ પર્થમાં અફ્ઘાનિસ્તાન સામે ક્રિકેટ વર્લ્ડ કપ ઇતિહાસનો સૌથી મોટો સ્કોર બનાવ્યો. ઑસ્ટ્રેલિયાએ છ વિકેટે 417 રન બનાવ્યા. ઑસ્ટ્રેલિયાએ 275 રનના તફાવતે અફ્ઘાનિસ્તાનને હરાવ્યું જે વર્લ્ડ કપ ટુર્નામેન્ટના ઇતિહાસની સૌથી મોટી જીત છે. વર્લ્ડ કપ મેચમાં સૌથી વધુ રનનો છેલ્લો રેકોર્ડ ભારતના નામે હતો જેમાં ભારતે બેરમૂડા સામે 5 વિકેટના નુકસાન પર 413 રન બનાવ્યા હતા. ભારતે આ મેચ 257 રનથી જીતી હતી.
- સુપ્રીમ કૉર્ટે પોતાના નિર્ણયમાં જણાવ્યું કે જો કોઈ વ્યક્તિ પોતે હિન્દુ ધર્મમાં પોતાનું પરિવર્તન કરાવે છે તો તેને અનુસૂચિત જાતિનો દરજ્જો આપવામાં આવી શકે છે. પરંતુ તેની જાતિના લોકો તેનો સ્વીકાર કરે અને તે એ સાબિત કરે કે બીજો ધર્મ સ્વીકાર્યા પહેલાં તેના પૂર્વજ અનુસૂચિત જાતિના હતા. તેના માટે ત્રણ શરતો : (1) વ્યક્તિ એ જાતિનો હોવો જોઈએ જેનો ઉલ્લેખ અનુસૂચિત જાતિ આદેશ 1950માં કરવામાં આવ્યો હોય. (2) વ્યક્તિનું બીજી વખત ધર્મ પરિવર્તન એ જ ધર્મમાં થાય જે તેના માતા-પિતા અને પૂર્વજોનો હતો. (3) વ્યક્તિના સમુદાયે તેનો સ્વીકાર કર્યો છે તેનો પણ પુરાવો હોવો જોઈએ.
- લોકસભાએ મોટર વાહન (સુધારો) ખરડો, 2015 **ધ્વનિ** મત દ્વારા પસાર કર્યો. તેના દ્વારા ઈ-રિક્ષા અને ઈ-ગાડીઓને કાયદા હેઠળ લાવવાના હેતુથી મોટર વાહન અધિનિયમ 1988માં સુધારો કરવામાં આવશે. આ ખરડો પસાર થવાથી ઈ-રિક્ષા અને ઈ-ગાડીઓના સંચાલનને મંજૂરી મળી ગઈ છે. ઈ-ગાડી અને ઈ-રિક્ષાના ચાલકોને ડ્રાઇવિંગ લાઇસન્સની છૂટ આપવામાં આવી છે.
- કેન્દ્રિય સમુદ્રી આવાગમન મંત્રાલયે ઑટોમોબાઇલ એકમોની નિકાસ માટે ટોયોટા સાથે કરાર કર્યા. તે મુજબ ઑટોમોબાઇલ એકમોની નિકાસ કામરાજર પૉર્ટ લિમિટેડ મારફતે કરવામાં આવશે. કરારનો સમયગાળો 10 વર્ષનો છે. કામરાજર પૉર્ટ 12 મુખ્ય બંદરોમાં સૌથી નાનું છે જેનો વિકાસ 'લેન્ડ લૉર્ડ પૉર્ટ' તરીકે કરવામાં આવ્યો છે.
- અમેરિકન રાજ્ય સચિવે ત્રણ દક્ષિણ અશેયાઈ મહિલાઓ નિલોફર રહમાની, નાદિયા શરમીન અને તબસ્સુમ અદનાનને વર્ષ 2015 માટે પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય મહિલા વીરતા પુરસ્કાર માટે

www.crackgpsc.com

પસંદ કરી. (1) નિલોફર રહમાની (અફ્ઘાનિસ્તાન): તે અફ્ઘાન વાયુસેનામાં કેપ્ટન છે. (2) નાદિયા શરમીન (બાંગ્લાદેશ): તે એક પત્રકાર અને મહિલા અધિકાર કાર્યકર્તા છે. (3) તબસ્સુમ અદનાન (પાકિસ્તાન): તે ખ્વેંદો જિરગાની સ્થાપક છે. આ મહિલાઓ અસામાન્ય હિંમત દર્શાવનારી તે 10 મહિલાઓમાંથી છે જેમને શાંતિ, ન્યાય, માનવ અધિકારો અને જાતિય સમાનતા માટે 10 દેશોમાંથી પસંદ કરવામાં આવી છે.

**આંતરરાષ્ટ્રીય મહિલા વીરતા પુરસ્કાર**

☞ વર્ષ 2007માં સ્થપાયેલ આંતરરાષ્ટ્રીય મહિલા વીરતા પુરસ્કાર સમગ્ર વિશ્વમાં માનવ અધિકાર, મહિલાઓની સમાનતા અને સામાજિક પ્રગતિની હિમાયત અને અસામાન્ય સાહસ દર્શાવનારી મહિલાઓને સન્માનિત કરવા માટે આપવામાં આવે છે.

- મહારાષ્ટ્ર સરકારે મુસલમાનોને આપવામાં આવેલું 5% અનામત રદ કર્યું. પૃથ્વીરાજ ચૌહાણની આગેવાનીમાં કોંગ્રેસ-NCPની રાજ્ય સરકારે વિધાનસભા ચૂંટણી 2015 પહેલાં મરાઠા સમુદાય અને અન્ય વિવિધ મુસ્લિમ જાતિઓને શિક્ષણ અને સરકારી નોકરીઓમાં 5% અનામત આપવાનો નિર્ણય લાગુ કર્યો હતો. આર્થિક અને સામાજિક રીતે પછાતપણાના આધારે એક વિશેષ "SBC-A' વર્ગ બનાવ્યો હતો. આ નવી 21% અનામતથી મહારાષ્ટ્રમાં કુલ અનામત 74% સુધી પહોંચતી હતી જે ગેરબંધારણીય છે. મહારાષ્ટ્રમાં અગાઉથી 52% અનામત ચાલી રહી છે.
- બ્રિટિશ બ્રોડકાસ્ટિંગ કૉર્પોરેશન (Briti૨ Broadશ્ર ting Corporation-BBC)એ ડૉક્યૂમેન્ટ્રી 'ઇન્ડિયાઝ ડોટર'નું પ્રસારણ કર્યું. આ ડૉક્યૂમેન્ટ્રીનું નિર્દેશન લેસ્લી ઉડવિને કર્યું. ફિલ્મ 16 ડિસેમ્બર 2012ના દિવસે દિલ્હીમાં નિર્ભયા નામની 23 વર્ષની મહિલા પર થયેલા સામૂહિક બળાત્કાર અને હત્યા પર આધારિત છે. આ ડૉક્યૂમેન્ટ્રીનું નિર્માણ બ્રિટિશ ફિલ્મ નિર્માતા લેસ્લી ઉડવિન અને BBC દ્વારા કરવામાં આવ્યુ છે. આમાં ઘટનાના આરોપી મુકેશ સિંહની મુલાકાત છે જેમાં મુકેશે મહિલાઓની વિરુદ્ધ અપમાનજનક નિવેદન આપ્યુ છે.
- લોકસભાએ 'કોલસા ખાણ (વિશેષ જોગવાઈ) ખરડો 2015' પસાર કર્યો. આ ખરડામાં પારદર્શક હરાજી પ્રક્રિયા દ્વારા સફળ બોલી લગાવનાર કંપનીઓને ખાણ કામ માટે પટ્ટા આપવાની જોગવાઇ છે. આ ખરડો ખાણ કામમાં સાતત્યતાની ખાતરી કરવા અને કોલસા સંસાધનોના મહત્તમ ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે પસાર કરવામાં આવ્યો છે. આ ખરડામાં કોલસાની ખાણોના ખાનગીકરણ માટે કોઈ જોગવાઇ નથી.
- નેપાળની રાજધાની કાઠમંડુ અને વારાણસી વચ્ચે સીધી બસ સેવા શરૂ કરવામાં આવી. તેને ભારત નેપાળ મૈત્રી બસ સેવા (Bસarat-Nepal Maitri Bú Seva) નામ આપવામાં આવ્યું. ભારતીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવેમ્બર 2014માં 18મી સાર્ક સમિટ દરમિયાન નેપાળની મુલાકાત લીધી હતી. તે દરમિયાન ભારત અને નેપાળે મોટર વાહન પર કરાર કર્યા હતાં. આ

www.crackgpsc.com

કરાર હેઠળ આ બસ સેવા શરૂ કરવામાં આવી. કાઠમંડુ અને વારાણસી બંને લોકપ્રિય પ્રવાસન સ્થળ હોવાના કારણે બસ સેવાની પ્રવાસન ઉદ્યોગ પર હકારાત્મક અસર પડશે. (5)

- પ્રતિષ્ઠિત અમેરિકન મેગેઝિન 'ટાઇમે' તેના અંકમાં ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ઇન્ટરનેટ પર 30 સૌથી પ્રભાવશાળી લોકોની યાદીમાં સામેલ કર્યાં. આ યાદીમાં અમેરિકન રાષ્ટ્રપતિ બરાક ઓબામા પણ સામેલ છે.
- બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને સત્તાધારી જનતા દળ (યુનાઇટેડ)ના નેતા રામ સુંદર દાસનું નિધન થયું. રામ સુંદર દાસ એક દલિત નેતા હતા.
- સ્વતંત્ર ભારતીય-અમેરિકન રોકાણકાર સુનિલ સભરવાલને ફરીથી આંતરરાષ્ટ્રીય નાણાકીય ફંડના વૈકલ્પિક વહીવટી નિર્દેશક બનાવવામાં આવ્યા છે. વર્ષ 2014ના એપ્રિલમાં પ્રથમ વાર તેમને આ પદ માટે નામાંકિત કરવામાં આવ્યા હતાં.
- UST ગ્લોબલે વિમેન્સ સેફ્ટી એપ્પ આઈસેફ (i afe) લૉન્ચ કરી. આ એપ્પથી મહિલાઓ પોતાના મોબાઇલ ફોનની વૉલ્યૂમ રૉકર (ડાઉન) કી ને લાંબા સમય સુધી દબાવી રાખી અથવા પેનિક બટન વાપરી પોલીસ કંટ્રોલ રૂમને ઇન્સ્ટન્ટ એલર્ટ મોકલી શકશે. પોલીસ કંટ્રોલ રૂમને આ એલર્ટની સૂચના મોબાઇલના આઈએમઈઆઈ (imei) નંબર, સબ્સ્કાઇબર આઈડી તેમજ સ્થળ સાથે મળશે.
- ઝડપી સેવા આપતી રેસ્ટોરન્ટની શ્રેણી સબવેએ 8 માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવવા માટે મુંબઈના અંધેરીમાં સંપૂર્ણપણે મહિલાઓ દ્વારા આધારિત એક આઉટલેટ શરૂ કર્યું. ભારતના 70 શહેરોમાં તેના આઉટલેટ છે. સબવે સૌથી ઝડપી ખોરાક પૂરો પાડતી એક અમેરિકન રેસ્ટોરન્ટ ફ્રેન્ચાઇઝી છે.
- આતંકવાદી સંગઠન ઇસ્લામિક સ્ટેટ ગ્રુપ ISISએ ઇરાકની તિગ્રિસ નદીના કિનારે આવેલા પ્રાચીન શહેર નિમૃદ નાશ કર્યું. અસીરિયન કાળના શહેર નિમૃદનો વિકાસ ઇ.સ.13મી સદી પહેલા થયો હતો. અહીં 1988માં એક શાહી કબરમાંથી સોનાના આભૂષણ, ઘરેણાં અને કિંમતી પત્થરોનો સંગ્રહ પ્રાપ્ત થયો હતો, જેને 20મી સદીની સૌથી મોટી પુરાતત્વીય શોધમાંથી એક માનવામાં આવે છે.
- કોલકાતા નગર નિગમે પશ્ચિમ બંગાળમાં છેલ્લા ચારસો વર્ષો (16મી સદી) ના ઇતિહાસને સાચવવા માટે 'અમલ હોમ ડિજિટલ એર્ચિવ' ની શરૂઆત કરી. તેનો હેતુ ભારતના સ્વતંત્ર્ય સંઘર્ષ અને વર્ષ 1947 સમય પહેલાના વિશે મહાત્મા ગાંધી, રવિન્દ્રનાથ ટાગોર અને નેતા સુભાષ ચંદ્ર બોઝ દ્વારા લખાયેલા ઐતિહાસિક પત્રો, દુર્લભ તસવીરો, લખાણો અને સંદેશાઓને સાચવવાનું છે. અમલ હોમ ડિજિટલ એર્ચિવ દેશની આવી પ્રથમ રજીસ્ટ્રી ઓફીસ છે. કલકત્તા નગર નિગમના ગેઝેટનું પ્રકાશન વર્ષ 1924થી થઇ રહ્યુ છે. તેમાં ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના

www.crackgpsc.com

વિષય વસ્તુની જાણકારી મળે છે. આ ગેઝેટના સંસ્થાપકના નામ પર અમલ હોમ રાખવામાં આવ્યુ છે.

- સમગ્ર વિશ્વમાં 8 માર્ચ 2015ના દિવસે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવવામાં આવ્યો. ભારતના કેન્દ્રિય સ્વાસ્થ્ય મંત્રાલયે વર્ષ 2015ના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસને 'સુરક્ષિત માતૃત્વ દિવસ' તરીકે ઉજવવાનો નિર્ણય કર્યો. આ પ્રસંગે ત્રણ દિવસનું રાષ્ટ્રવ્યાપી અભિયાન શરૂ કરવામાં આવ્યું. તેના હેઠળ દેશભરમાં ગર્ભવતી મહિલાઓની સાથે સાથે તમામ મહિલાઓની તબીબી તપાસ નિ:શુલ્ક કરવામાં આવશે.

**આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ**

- ☞ અમેરિકામાં સોશિયાલિસ્ટ પાર્ટીના આહવાહન પર, આ દિવસ સૌ પ્રથમ 28 ફેબ્રુઆરી 1909માં ઉજવવામાં આવ્યો .
- ☞ તેના પછી આ ફેબ્રુઆરીના છેલ્લાં રવિવારના દિવસે ઉજવવા લાગ્યો
- ☞ 1910માં સોશિયાલિસ્ટ ઇન્ટરનેશનલના કોપનહેગનના સમ્મેલનમાં તેને આંતરરાષ્ટ્રીય દરજ્જો આપવામાં આવ્યો.
- ☞ તે સમયે તેનો મુખ્ય હેતુ મહિલાઓને વોટ આપવાનો અધિકાર અપાવવાનો હતો કેમકે, તે સમયે મોટા ભાગના દેશોમાં મહિલાઓને વોટ આપવાનો અધિકાર ન હતો.
- ☞ 1917માં રશિયાની મહિલાઓએ, મહિલા દિવસ પર રોટી અને કપડાં માટે હડતાલ પર જવાનો નિર્ણય કર્યો. આ હડતાલ પણ ઐતિહાસિક હતી. ઝારે સત્તા છોડી, વચગાળાની સરકારે મહિલાઓને વોટ આપવાનો અધિકાર આપ્યો.
- ☞ તે સમયે રશિયામાં જુલિયન કેલેન્ડર ચાલતુ હતુ અને વિશ્વમાં બીજે ગ્રેગરિયન કેલેન્ડર.
- ☞ તે બંનેની તારીખોમાં થોડુ અંતર છે. જુલિયન કેલેન્ડર મુજબ 1917ના ફેબ્રુઆરીના છેલ્લો રવિવાર 23 ફેબ્રુઆરીએ હતો જ્યારે ગ્રેગેરિયન કેલેન્ડર મુજબ તે દિવસે 8 માર્ચ હતી.
- ☞ અત્યારે સમગ્ર વિશ્વમાં (રશિયામાં પણ) ગ્રેગેરિયન કેલેન્ડર ચાલે છે.
- ☞ માટે 8 માર્ચ મહિલા દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

- વરિષ્ઠ પત્રકાર અને આઉટલુક મેગેઝિનના સ્થાપક તંત્રી વિનોદ મહેતાનું અવસાન થયું. વિનોદ મહેતા અંગ્રેજી પત્રકાર હતા અને અંગ્રેજીમાં લખવાનું વધુ પસંદ કરતા હતા. વિનોદ મહેતાએ વર્ષ 2011માં આત્મકથા 'લખનઉ બોય' લખી. તેમણે ફિલ્મ અભિનેત્રી મીના કુમારી અને સંજય ગાંધીનું જીવનચરિત્ર લખ્યું. મહેતા પ્રતિષ્ઠિત સંપાદક હતા જેમણે સફળતાપૂર્વક સન્ડે ઑબ્ઝર્વર, ઇન્ડિયન પોસ્ટ, ધ ઇન્ડિપેન્ડેન્ટ, ધ પાયોનિયર (દિલ્હી આવૃત્તિ) અને પછી આઉટલુકની શરૂઆત કરી. વર્ષ 2001માં તેમનો લેખન સંગ્રહ મિસ્ટર એડિટર : હાઉ ક્લોઝ આર યુ ટુ ધ PM' પ્રકાશિત થયો.

www.crackgpsc.com

- ઇન્ડિયન પીપલ્સ થિયેટર એસોસિએશનના રાષ્ટ્રીય મહાસચિવ અને રંગકર્મી જીતેન્દ્ર રઘુવંશીનું સ્વાઇન ફ્લૂથી અવસાન.
- ભારત-નેપાળ સંયુક્ત સેના અભ્યાસ સૂર્ય કિરણ-VIII નેપાળના સાલઝંડીમાં સંપન્ન.
- વિશ્વની સૌથી મોટી સુપરમાર્કેટ ચેઇનનું સંચાલન કરતી કંપની વૉલમાર્ટના ભારતીય એકમ વૉલમાર્ટ ઇન્ડિયાએ અશ્વિન મિત્તલને ચીફ ફાઈનાન્સ ઓફિસર (CFO) નિયુક્ત કર્યાં. તેઓ જિલ એન્ડરસનનું સ્થાન લેશે.
- ભારતીય બેડમિન્ટન ખેલાડી સાઇના નેહવાલ ઑલ ઇંગ્લેન્ડ બેડમિન્ટન ટુર્નામેન્ટ 2015ની ફાઇનલમાં પહોંચી. સાઇના નેહવાલ ઑલ ઇંગ્લેન્ડ બેડમિન્ટન ટુર્નામેન્ટની ફાઇનલમાં પહોંચવાવાળી ત્રીજી ભારતીય ખેલાડી અને પ્રથમ ભારતીય મહિલા ખેલાડી બની ગઈ.
- સ્પેનની મહિલા બેડમિન્ટન ખેલાડી કેરોલિના મેરિને ભારતની બેડમિન્ટન ખેલાડી સાઇના નેહવાલને હરાવી ઑલ ઇંગ્લેન્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપ 2015નો ખિતાબ જીત્યો. ઑલ ઇંગ્લેન્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપના ઇતિહાસમાં કોઈ ભારતીય મહિલા ખેલાડીએ આ ખિતાબ જીત્યો નથી. પુરુષ વર્ગમાં આ ટુર્નામેન્ટનો ખિતાબ પ્રકાશ પાદુકોણ (1980) અને પુલ્લેલા ગોપીચંદે (2001) જીત્યો છે.
- પ્રથમ ભારત-નેપાળ મૈત્રી મોટર રેલી નવી દિલ્હીના ઇન્ડિયા ગેટ પર સમાપ્ત થઈ. રેલીનો હેતુ ભારત અને નેપાળ વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવા અને માર્ગ સલામતીનો સંદેશ આપવાનો હતો. આ રેલીને પુરી, ઓરિસ્સાથી શરૂ કરવામાં આવી હતી. દસ દિવસ ચાલેલી આ રેલીમાં બન્ને દેશોના લગભગ ચોવીસ ટીમના 90 સહભાગીઓએ 3060 કિલોમીટરનું અંતર કાપ્યુ.
- હરિયાણાના મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટરે કન્યાઓ માટે 'આપકી બેટી હમારી બેટી' યોજનાની શરૂઆત કરી. યોજનાને શરૂ કરવાનો હેતુ રાજ્યમાં બાલ જાતિ ગુણોત્તરમાં થઇ રહેલા ઘટાડાની સમસ્યાને નિવારવાનો છે. તેમાં અનુસૂચિત જાતિ અને BPL પરિવારોમાં 22 જાન્યુઆરી 2015 પછી જન્મેલી તમામ પહેલી અને બીજી કન્યાઓને આવરી લેવામાં આવશે. એ પરિવારોમાં જ્યાં જોડિયા છોકરીઓ અથવા બે કે તેથી વધુ છોકરીઓ જન્મ લેશે તે દરેક કન્યા 21000 રૂપિયા મેળવશે.
- શ્રીલંકાના ભૂતપૂર્વ ક્રિકેટ કેપ્ટન અને બેટ્સમેન કુમાર સંગાકારાએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી. તે ઑગસ્ટ 2015માં ભારત સામે રમાનારી ત્રણ ટેસ્ટ મેચની શ્રેણી પછી નિવૃત્તિ લેશે. સંગાકારા વન ડે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ અને ટ્વેન્ટી-20 ક્રિકેટમાંથી પહેલાં જ નિવૃત્તિ લઇ ચૂક્યા છે. સંગાકારા, ટેસ્ટ ક્રિકેટમાં પાંચમા સૌથી વધુ રન બનાવવાવાળા ખેલાડી છે. ICC વર્લ્ડ કપ 2015માં કુમાર સંગાકારાએ કોઈ પણ વર્લ્ડ કપ મેચમાં સતત ત્રણ મેચમાં સદી બનાવનાર પ્રથમ બેટ્સમેન હોવાનો રેકૉર્ડ બનાવ્યો હતો.

www.crackgpsc.com

- ભૂતપૂર્વ કેન્દ્રિય મંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા એમ વીરપ્પા મોઇલીની કન્નડ કવિતા શ્રી રામાયણ મહાન્વેષણ માટે વર્ષ 2014ના 24મા સરસ્વતી સન્માન માટે પસંદગી. પાંચ વિભાગોમાં વહેંચાયેલ શ્રી રામાયણ મહાન્વેષણ કન્નડ ભાષામાં વર્ષ 2007માં પ્રકાશિત થયુ હતું. પછીથી કવિતાનું અંગ્રેજી, હિન્દી, તેલુગુ અને તમિલમાં ભાષાંતર કરવામાં આવ્યું. ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ આર સી લાહોટીના નેતૃત્વમાં 13 સભ્યોની પેનલે શ્રી રામાયણ મહાન્વેષણને 2014ના સરસ્વતી સન્માન માટે પસંદ કર્યું.

**વીરપ્પા મોઇલી :**

વીરપ્પા મોઇલી કર્ણાટકથી કોંગ્રેસના એક વરિષ્ઠ નેતા છે. તેઓ વર્ષ 1992થી 1994ની વચ્ચે કર્ણાટકના મુખ્યમંત્રી રહ્યા છે. મોઇલીને છેલ્લી યુપીએ સરકારમાં પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ, કોર્પોરેટ બાબતો, કાયદા અને ન્યાય જેવા ઘણાં મંત્રાલયોને ચલાવવાની જવાબદારી આપવામાં આવી હતી.

**સરસ્વતી સન્માન**

- ☞ સરસ્વતી સન્માન ભારતના બંધારણના આઠમા પરિશિષ્ટમાં ક્રમબદ્ધ ભારતીય ભાષાઓમાં ઉત્તમ ગદ્ય અથવા કવિતા સાહિત્યિક કૃતિઓની સ્વીકૃતિ માટે આપવામાં આવે છે.
- ☞ આ એક વાર્ષિક પુરસ્કાર છે.
- ☞ આ સન્માન છેલ્લાં 10 વર્ષોની સાહિત્યિક કૃતિઓ માટે આપવામાં આવે છે.
- ☞ સરસ્વતી સન્માનની સ્થાપના 1991માં કે કે બિરલા ફાઉન્ડેશને કરી હતી.
- ☞ પ્રથમ સરસ્વતી સન્માન ડૉ. હરિવંશ રાય બચ્ચનને તેમની આત્મચરિત્રાત્મક કૃતિ 'દશદ્વાર સે સોપાન તક' માટે આપવામાં આવ્યુ હતું.
- ☞ સરસ્વતી સન્માન હેઠળ એક પ્રશસ્તિ પત્ર, સ્મૃતિ ચિહ્ન અને 10 લાખ રૂપિયાનો ચેક આપીને સન્માનિત કરવામાં આવે છે.
- ☞ કે કે બિરલા ફાઉન્ડેશને સાહિત્યના ક્ષેત્રમાં ત્રણ પુરસ્કારોની સ્થાપના કરી છે. તેમાં સરસ્વતી સન્માન, વ્યાસ સન્માન (હિન્દી માટે) અને બિહારી પુરસ્કાર (હિન્દી અને રાજસ્થાનના રાજસ્થાની લેખકો માટે) છે.
- ☞ વર્ષ 2013નું સરસ્વતી સન્માન જાણીતા હિન્દી લેખક ગોવિંદ મિશ્રાને વર્ષ 2008માં પ્રકાશિત તેમની નવલકથા 'ધૂલ પૌધો પર' માટે, 2012 નું સન્માન મલયાલમ કવિયિત્રી સુગાથા કુમારીને મલયાલમમાં કવિતાઓના સંગ્રહ માટે આપવામાં આવ્યુ હતું.

- માનવ સંસાધન વિકાસ મંત્રાલયે (Mini trસ્ of Human Re ourશ્રe Development-MoHRD) કન્યા શિક્ષણને આગળ વધારવા માટે એક વેબ આધારિત સાધન ડિજિટલ જેન્ડર એટલાસ જારી કર્યું. તેનું શિક્ષણ અને સાક્ષરતા વિભાગ દ્વારા અનાવરણ કરવામાં આવ્યું. આ વેબ આધારિત

www.crackgpsc.com

સાધનને યુનિસેફના સમર્થનથી વિકસાવવામાં આવ્યું. આ સાધનથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને મુસ્લિમ લઘુમતી કન્યાઓના શિક્ષણ અંગે આંકડા મેળવવામાં મદદ મળશે.

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રોટાવાઇરસની પ્રથમ સ્વદેશી વેક્સીન રોટાવેક લૉન્ચ કરી. આ રોટાવાઇરસ માટે સમગ્ર વિશ્વમાં પ્રાપ્ય GSK રોટારિક્સ અને મર્ક્સ રોટા ટેક પછી આ ત્રીજી વેક્સીન છે. આ વેક્સીન ભારતમાં ડાયેરિયાથી થતાં બાળમૃત્યુ દરને ઓછો કરવાના પ્રયત્નોમાં મદદ કરશે. આ વિશ્વભરમાં ઉપલબ્ધ સૌથી સસ્તી રોટાવાઇરસ વેક્સીન છે. રોટાવેક વેક્સીન પબ્લિક-પ્રાઇવેટ પાર્ટનરશિપ (PPP) મૉડેલ હેઠળ વિકસાવવામાં આવી છે.

**રોટાવાઇરસ:** તે ભારતમાં 11 મહિનાથી ઓછી ઉંમરના બાળકોમાં સામાન્ય કરતાં ગંભીર ડાયેરિયા (moderate-to- evere diarrsea-MSD) નું સૌથી સામાન્ય કારક એજન્ટ છે. તે એક વ્યક્તિથી બીજી વ્યક્તિમાં બેક્ટેરિયા એજન્ટો દ્વારા ફેલાય છે જે મુખ્ય રીતે દૂષિત ખોરાક કે પાણી દ્વારા પ્રસરે છે. રોટાવાઇરસથી થતા ડાયેરિયા દર વર્ષે 5 વર્ષથી ઓછી ઉંમર સુધી 80000 બાળકોના મૃત્યુનું કારણ બને છે. રોટાવાઇરસથી થયેલ ડાયેરિયાથી થતાં વિશ્વભરનાં મૃત્યુમાંથી 22% મૃત્યુ ભારતમાં થાય છે.

- શ્રીલંકાના બેટ્સમેન કુમાર સંગાકારા ક્રિકેટ વર્લ્ડ કપમાં સતત ચાર સદી બનાવનાર વિશ્વના પ્રથમ ક્રિકેટર બની ગયા. તેમણે સ્કોટલેન્ડ સામે 124 રન બનાવીને આ સિદ્ધિ પ્રાપ્ત કરી. તે વર્ષ 2015ના વર્લ્ડ કપમાં 6 દાવમાં 496 રન બનાવી ટોચના સ્થાને પહોંચી ગયા. તેની સાથે જ તે એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચના ઇતિહાસમાં આ સિદ્ધિ મેળવનાર પ્રથમ ક્રિકેટર બની ગયા. આ સાથે જ કુમાર સંગાકારાએ વર્લ્ડ કપમાં 5 સદી પણ પૂરી કરી. વર્લ્ડ કપમાં સૌથી વધુ સદી બનાવવાનો રેકોર્ડ સચિન તેંડુલકરના નામે છે. કુમાર સંગાકારાએ એક દિવસીય કેરિયરમાં 14189 રન પૂરા કર્યા. તે એક દિવસીય કેરિયરમાં સૌથી વધુ રન બનાવવાની બાબતમાં સચિન તેંડુલકર (18426) પછી બીજા સ્થાને છે.
- જર્મન પ્રોફેસર એનેટ જી. બેક-સિકિંગરે ભારતમાં બળાત્કારની સમસ્યાનો હવાલો આપીને એક ભારતીય વિદ્યાર્થીની ઇન્ટર્નશિપની વિનંતીનો અસ્વીકાર કર્યો.
- સૌર ઊર્જા સંચાલિત વિમાન સોલાર ઇમ્પલ્સ 2એ વિશ્વ પ્રવાસ માટે અબુ ધાબીથી ઉડાન ભરી. સૌર ઊર્જા સંચાલિત વિમાનની આ પ્રથમ વિશ્વ ભ્રમણની ઉડાન છે. આનો હેતુ જૂની પ્રદૂષણ ફેલાવતી ટેક્નોલૉજીની જગ્યાએ સ્વચ્છ અને કાર્યક્ષમ ટેક્નોલૉજીને સ્વીકારવા અંગે જાગૃતિ ફેલાવવાનો છે. સોલાર ઇમ્પલ્સ 2 તેના પ્રવાસ દરમિયાન 35000 કિલોમીટરનું અંતર કાપશે. આ વિમાન સૌર ઊર્જા પર દિવસ અને રાત કોઈ પણ સમયે ઊડી શકે છે અને તેને ઇંધણની બિલકુલ જરૂર નથી. તે 87 માઇલ/કલાક (mile per sour-mps)ની સૌથી વધુ ઝડપે ઊડી શકે

www.crackgpsc.com

છે. માત્ર એક મુસાફરને લઈ જઈ શકે છે અને કાર્બન ડાયોક્સાઇડનું બિલકુલ પણ ઉત્સર્જન કરતું નથી.

- મહારાષ્ટ્ર સરકારે કન્યાઓ માટે ભાગ્યશ્રી યોજના શરૂ કરી. આ યોજનાને સુકન્યા યોજનાના સ્થાને શરૂ કરવામાં આવી. આ યોજના મુજબ રાજ્ય સરકાર BPL કુટુંબમાં જન્મેલી છોકરીઓ માટે બેંકમાં 21200 રૂપિયાની રકમ જમા કરશે. આ યોજનાનો હેતુ કન્યાની 18 વર્ષની ઉંમર પૂરી થાય ત્યાં સુધી તેને એક લાખ રૂપિયા આપવાનો છે. બૉલીવુડ અભિનેત્રી ભાગ્યશ્રી આ યોજનાની બ્રાન્ડ એમ્બેસેડર છે.
- ઉત્તર-પૂર્વનું પ્રથમ કિસાન કૉલ સેન્ટર (Ki an Call Centre-KCC) ત્રિપુરાના અગરતલામાં ખોલવામાં આવ્યું. KCCને ત્રિપુરાના મુખ્યમંત્રી માણિક સરકારે શરૂ કર્યું.
- દિલ્લી હાઇ કૉર્ટે (HC) એક યાચિકા પર સુનાવણી કરતાં કહ્યું કે ભારતના એટર્ની જનરલનું કાર્યાલય RTI, 2005 હેઠળ આવે છે. એટર્ની જનરલની કચેરી એક પબ્લિક ઑથોરિટી છે, માટે તે RTI હેઠળ આવે છે.




## ➢ 2nd week

- ઉદ્યોગપતિ દીપક ખૈતાનનું અવસાન થયું. તેઓ વિલિયમસન મેગર ગ્રુપના ઉપપ્રમુખ અને બીએમ ખૈતાનના મોટા પુત્ર હતા. તેઓ યુનિયન કાર્બાઇડ પાસેથી એવરેડી બ્રાન્ડના અધિગ્રહણ માટે જાણીતા છે. બીએમ ખૈતાન ગ્રુપમાં એવરેડી ઇન્ડસ્ટ્રીઝ, મેકલૉયડ રસેલ અને મેકનેલી ભારત એન્જીનિયરીંગ જેવી કંપનીઓ સામેલ છે.
- બ્રિટનની રાષ્ટ્રીય પ્રવાસન એજન્સી વિઝિટ બ્રિટને બૉલીવુડ અભિનેતા સૈફ અલી ખાનને ભારત કેન્દ્રિત અભિયાન 'બૉલીવુડ બ્રિટન'ના પ્રચારની જવાબદારી સોંપી. આ અભિયાન દ્વારા આ એજન્સી ભારતીય પ્રેક્ષકોને આકર્ષવા માટે હિન્દી ફિલ્મોમાં ફિલ્માવેલ સ્થળો પર ધ્યાન કેન્દ્રિત કરવા માગે છે. તે વેલ્સ, સ્કોટલેન્ડ અને અન્ય ઘણાં સ્થળોને જાણીતાં બનાવવા માંગે છે, જે અત્યાર સુધી પ્રવાસીઓમાં જાણીતાં નથી. પ્રવાસન સ્થળોનો પ્રચાર કરવા માટે અન્ય બૉલીવુડ

www.crackgpsc.com

અભિનેતાઓમાં અમિતાભ બચ્ચન (ગુજરાત), અક્ષય કુમાર (કેનેડા) અને દિયા મિર્ઝા (જાપાન) સામેલ છે.

- અમેરિકાના રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ પાકિસ્તાનમાં આગામી રાજદૂત તરીકે ડેવિડ હેલને નામાંકિત કર્યાં.
- મિલકતોની બાબતમાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ (RIL) 3.68 લાખ કરોડ રૂપિયા મૂલ્યની સંપત્તિ સાથે સૌથી મોટી કંપની છે. RIL પછી 2.52 લાખ કરોડ રૂપિયાવાળી રાજ્ય હસ્તકની ઇન્ડિયન ઓઇલ કૉર્પોરેશન (IOC) અને તેના પછી 2.25 લાખ કરોડ રૂપિયાની સંપત્તિ સાથે બંધાયેલી નાણાં ધીરનાર હાઉસિંગ ડેવલપમેન્ટ ફાઇનાન્સ કૉર્પોરેશન (Housing Development Finance Corp-HDFC) નું સ્થાન છે.
- બ્લેકસ્ટોને યુનિલિવરના ભૂતપૂર્વ ચીફ ઑપરેટિંગ ઑફિસર (COO) હરીશ મનવાનીને ગ્લોબલ કાર્યકારી સલાહકાર તરીકે નિયુક્ત કર્યાં. મનવાની સમગ્ર વિશ્વમાં બ્લેકસ્ટોન પોર્ટફોલિયો કંપનીઓને માર્ગદર્શન અને સલાહ આપશે અને સાથે જ રોકાણની તકોમાં મદદ કરશે.
- આદિત્ય બિરલા રિટેલે ટોટલ હાઇપરમાર્કેટને હસ્તગત કર્યું.
- 1998ના એશિયાઈ રમતોત્સવમાં સ્વર્ણ પદક વિજેતા ડિંકો સિંઘને રાષ્ટ્રીય મુક્કેબાજી પસંદગી પેનલમાં સામેલ કરવામાં આવ્યા. પેનલનું લક્ષ્ય ઓલમ્પિકમાં પદક પ્રાપ્ત કરી શકે તેવા ખેલાડીઓને પસંદ કરવાનું છે. હાલમાં ડિંકો સિંઘ સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ઇન્ડિયા (SAI)ના ઇમ્ફાલ કેન્દ્રમાં કોચ તરીકે ફરજ બજાવે છે. અર્જુન પુરસ્કાર વિજેતા ગોપાલ એન દેવાંગ આ 10 સભ્યોની પસંદગી પેનલના અધ્યક્ષ છે.
- અનુભવી ખેલ પત્રકાર કે ભાસ્કરનનું અવસાન થયું. ભાસ્કરને તેમના લાંબા કરિયર દરમિયાન ફ્રી પ્રેસ જર્નલ, ઇન્ડિયન એક્સપ્રેસ, ન્યૂઝડે (હાલ બંધ) અને પછી ટાઇમ્સ ઑફ ઇન્ડિયામાં 25 વર્ષ સુધી કામ કર્યું. ભાસ્કરને ફૂટબૉલ પર એક પુસ્તક 'વિલ્સ બુક ઑફ ફૂટબૉલ' પણ લખ્યું છે.
- આઇવરી કોસ્ટની ભૂતપૂર્વ પ્રથમ મહિલા સિમોન ગ્બાગ્બો (Simone Gbagbo)ને એક અદાલતે 20 વર્ષની જેલની સજા સંભળાવી. તેમને આ સજા 2010માં રાષ્ટ્રપતિની ચૂંટણી વખતે હિંસામાં તેમની ભૂમિકા અને રાજ્ય સુરક્ષાની અવગણના કરવા બદલ અપાઈ. ઉલ્લેખનીય છે કે 2010માં મહિનાઓ સુધી ચાલેલી હિંસા દરમિયાન 3000 લોકો મૃત્યુ પામ્યા હતા.
- ભારતીય રેલવેએ રેલવેની યોજનાઓને લાગુ કરવા અને પોતાનાં સંસાધનોને વધારવાના ઉદ્દેશ્યથી ભારતીય જીવન વીમા નિગમ (LIC) સાથે MOU પર હસ્તાક્ષર કર્યાં. આ કરાર હેઠળ LIC આગામી પાંચ વર્ષોમાં ભારતીય રેલવેની વિવિધ વ્યવસાયિક યોજનાઓને લાગુ કરવા માટે 150000 કરોડ રૂપિયાની નાણાકીય સહાય આપશે. આ સહાય નાણાકીય વર્ષ 2015-16માં પૂરી પાડવામાં આવશે.

- કર્ણાટકે તમિલનાડુને હરાવી સતત બીજી અને કુલ મળીને આઠમી વખત રણજી ટ્રોફીનો ખિતાબ જીતી લીધો. કર્ણાટકના કરૂણ નાયર રણજી ટ્રોફીની ફાઇનલમાં ત્રેવડી સદી બનાવનાર ભારતના પ્રથમ ખેલાડી બન્યા.

**રણજી ટ્રોફી**

☞ રણજી ટ્રોફીને જુલાઈ 1934માં ભારતીય બૉર્ડના એક સમ્મેલનમાં શરૂ કરવામાં આવી હતી. રણજી ટ્રોફી ભારતની એક સ્થાનિક ક્રિકેટ સ્પર્ધા છે. આ ક્રિકેટ સ્પર્ધાનું નામ ક્રિકેટર કુમાર શ્રી રણજીતસિંહજીના નામે રાખવામાં આવ્યું છે. મુંબઈએ સૌથી વધુ 40 વખત રણજી ટ્રોફીનો ખિતાબ જીત્યો છે.

- ભારત અને મૉરેશિયસે દ્વિપક્ષીય સહકારને નવો વેગ આપવા માટે પાંચ કરાર પર હસ્તાક્ષર કર્યાં. કરાર પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મૉરેશિયસના વડાપ્રધાન અનિરુદ્ધ જગન્નાથની હાજરીમાં હસ્તાક્ષર કરવામાં આવ્યા. સાથે જ ભારત મૉરેશિયસને મૂળભૂત માળખા માટે 50 કરોડ ડૉલર આપશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ મહાસાગર દેશો સેશેલ્સ, મૉરેશિયસ અને શ્રીલંકાની પાંચ દિવસની મુલાકાત પર છે. છેલ્લાં ત્રણ દાયકામાં કોઈ ભારતીય વડાપ્રધાનની આ પ્રથમ મૉરેશિયસ મુલાકાત છે.
- **કરાર**: ભારત અને મૉરેશિયસની વચ્ચે થયેલા કરારમાં દરિયાઈ અર્થતંત્રના ક્ષેત્રમાં બંને દેશો વચ્ચે થયેલી સહમતિ સામેલ છે. અન્ય કરારમાં મૉરેશિયસના એગાલેગા ટાપુ પર દરિયાઈ અને હવાઈ પરિવહન સુવિધા, પરંપરાગત ઔષધિ વિજ્ઞાન અને હોમિયોપેથીના ક્ષેત્રમાં સહકાર, 2015-18ની વચ્ચે સાંસ્કૃતિક સહકાર પર કાર્યક્રમ અને ભારતથી તાજી કેરીની આયાત જેવા કરાર સામેલ છે. ભારત મૉરેશિયસમાં બીજુ સાઇબર શહેર સ્થાપિત કરશે. ઉલ્લેખનીય છે કે ભારતે દાયકા પહેલાં મૉરેશિયસને પ્રથમ સાઇબર શહેર સ્થાપિત કરવામાં મદદ કરી હતી. ભારતે આગમન વિઝાની નવી સિસ્ટમના સંબંધમાં મૉરેશિયસના નાગરિકો માટે વિઝા ફી ટેક્નિકલ રીતે બંધ કરવાની પણ સંમતિ જણાવી.
- ગૂગલના ચીફ ફાઇનાન્સિયલ ઓફિસર (CFO) પેટ્રિક પિશેટે રાજીનામું આપ્યું.
- જાણીતા ફેન્ટેસી લેખક સર ટેરેન્સ ડેવિડ જ્હોન ટેરી પ્રેટ્ચેટનું નિધન.
- ભારતે હિન્દ મહાસાગર દ્વીપ રાષ્ટ્ર સેશેલ્સ સાથે સુરક્ષા અને દરિયાઇ ભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે ચાર કરાર પર હસ્તાક્ષર કર્યાં. સેશેલ્સના રાષ્ટ્રપતિ જેમ્સ એલિક્સ માઇકલ છે.

☞ **ચાર કરાર**: (1) હાઇડ્રોગ્રાફીમાં સહકાર (2) નવીનીકરણ ઊર્જા ક્ષેત્રમાં સહકાર (3) માળખાગત વિકાસમાં સહકાર (4) નેવિગેશન ચાર્ટ અને ઇલેક્ટ્રોનિક નૌકાવહન ચાર્ટના વેચાણમાં સહકાર. મોદી 34 વર્ષમાં સેશેલ્સની મુલાકાત કરનાર પ્રથમ ભારતીય વડાપ્રધાન છે. તેમની પહેલાં ઇન્દિરા ગાંધીએ 1981માં આ દેશની મુલાકાત લીધી હતી.

- ટાઇમ્સ હાયર એજયુકેશને વર્ષ 2015ની વર્લ્ડ રેપ્યુટેશન રેન્કિંગ જારી કરી. આ વર્ષની રેન્કિંગમાં યુનાઇટેડ કિંગડમની 12 ઉચ્ચ શિક્ષણ સંસ્થા વિશ્વની સો ટોચની યુનિવર્સિટીઓમાં સ્થાન મેળવવામાં સફળ રહી. તેમાં પ્રથમ સ્થાને અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટી, બીજા સ્થાને બ્રિટેનની યુનિવર્સિટી ઑફ કેમ્બ્રિજ અને ત્રીજા સ્થાને યુનિવર્સિટી ઑફ ઑક્સફોર્ડ છે.
- કેન્દ્રિય રસાયણ અને ખાતર મંત્રાલયે 'ફાર્મા જન સમાધાન' યોજનાની શરૂઆત કરી. તે દવાઓની કિંમતો અને ઉપલબ્ધતાને લગતી ગ્રાહકોની ફરિયાદોના નિવારણની વેબ આધારિત સિસ્ટમ છે. 'ફાર્મા જન સમાધાન' યોજના હેઠળ ગ્રાહકો અને અન્ય લોકોની દવાઓની બિન-વ્યાજબી કિંમતો, દવાઓની બિન-ઉપલબ્ધતા, NPPA (National Pharmaceutical Pricing Authority-NPPA)ની મૂલ્ય સંબંધી મંજૂરી વિના નવી દવાઓના વેચાણ અને કોઈ યોગ્ય કારણ વિના જ કોઈ દવાના વેચાણ માટેનો ઇન્કાર જેવી ફરિયાદોના નિવારણ માટે ઑનલાઇન સુવિધા મળશે. NPPA કોઈ પણ ફરિયાદ મળ્યાના 48 કલાકમાં કાર્યવાહી શરૂ કરી દેશે.
- કોંગ્રેસ વિધાનસભ્ય અને ડેપ્યુટી સ્પીકર એન સક્થાનને કેરલ વિધાનસભાના પ્રમુખ તરીકે ચૂંટવામાં આવ્યા.
- ભારતીય મૂળના દક્ષિણ આફ્રિકન શિક્ષક ગણસેન રેડ્ડીને રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કાર ક્વાઝુલુ નટાલ 2015થી સન્માનિત કરવામાં આવ્યા. આ પુરસ્કાર દક્ષિણ આફ્રિકામાં શિક્ષણ ક્ષેત્રે લાઇફટાઇમ એચિવમેન્ટ પુરસ્કાર છે. રેડ્ડીને આ પુરસ્કાર તેમની લાંબી શિક્ષણ કરિયર દરમિયાન શ્રેષ્ઠ પરીક્ષા પરિણામ, પુરસ્કાર અને પોતાની શ્રેષ્ઠ શિક્ષકની છબીને જાળવી રાખીને શિક્ષણને એક ઉચ્ચ સ્તરે જાળવી રાખવાની સિદ્ધિને કારણે આપવામાં આવ્યો.
- દરિયાઇ કાચબા ઓલિવ રીડલે (Lepidochelys olivacea) લુપ્તપ્રાય પ્રજાતિઓનું સામુહિક રહેઠાણ ઓરિસ્સાના ગંજમ જીલ્લાના રુશિકુલ્યા નદીના મુખ પાસે શરૂ થયું. પ્રથમ દિવસે અંદાજે 10000 માદા કાચબાઓએ 3 કિમી લાંબા રેતાળ દરિયાઇ કિનારે ચારે બાજુ ઈંડાં મૂક્યાં. વન્યજીવ નિષ્ણાતોના કહેવા મુજબ આ અનોખી ઘટના છે જે થોડા વધુ દિવસો માટે ચાલુ રહેશે.
- 12 માર્ચ 2015ના દિવસે 'કિડની આરોગ્ય બધા માટે' વિષય સાથે વર્લ્ડ કિડની ડે ઉજવવામાં આવ્યો. વર્લ્ડ કિડની ડે દર વર્ષે માર્ચના બીજા ગુરુવારે ઉજવવામાં આવે છે. આ નેફ્રોલૉજીની ઇન્ટરનેશનલ સોસાયટી (International Society of Nephrology-ISN) અને કિડની ફાઉન્ડેશન ઇન્ટરનેશનલ ફેડરેશન (International Federation of Kidney Foundation -IFKF)ની એક સંયુક્ત પહેલ છે.
- બ્રિટિશ આઇરિશ વિઝા સ્કીમને ભારતમાં અમલમાં મૂકવામાં આવી. આ યોજના ભારતીય નાગરિકોને એક જ પ્રવાસ પર, અથવા તો દેશથી એક જ પ્રવાસ વિઝા પર યુનાઇટેડ કિંગડમ (UK) અને આયર્લેન્ડ માટે પ્રવાસ કરવાની પરવાનગી આપે છે.

www.crackgpsc.com

- ઇઝરાયેલ સિનેમાના પ્રણેતા લિયા વેન લીરનું અવસાન થયું. તેમણે તેમના પતિની સાથે 1950ની સદીમાં ઇઝરાયેલના પ્રથમ સિનેમા ક્લબની સ્થાપના કરી હતી. વર્ષ 1983માં તેમણે જેરૂસલેમ ફિલ્મોત્સવ શરૂ કર્યો. લિયા વેન લીર શાંતિના દૂત તરીકે જાણીતાં હતાં.
- આંતરરાષ્ટ્રીય ઊર્જા એજન્સી (International Energy Agency-IEA) પ્રમાણે વર્ષ 2014માં ઊર્જા ક્ષેત્રે વૈશ્વિક $CO_2$ ના ઉત્સર્જનમાં વધારો થયો નથી. વર્ષ 2014માં CO2નું વૈશ્વિક ઉત્સર્જન 32.3 બિલિયન ટન થયુ જે વર્ષ 2013માં પણ એટલું જ હતું. IEA મુજબ CO2નું ઉત્સર્જન નહીં વધવાનું કારણ ચીન અને OECD (Organization for Economic Cooperation and Development) દેશોમાં ઊર્જા વપરાશની બદલાતી પદ્ધતિ છે.
- ભારતની બેડમિન્ટન ખેલાડી સાઇના નેહવાલ વિશ્વ બેડમિન્ટન મહાસંઘ (Badminton World Federation-BWF)ની મહિલા રેન્કિંગમાં બીજા સ્થાન પર પહોંચી ગઈ. પ્રથમ સ્થાને ચીનની લી ઝુએરૂઇ છે. બે વખત વિશ્વ કાંસ્ય ચંદ્રક વિજેતા સિંધુ નવમા સ્થાને છે. પુરુષ એકલ રેન્કિંગમાં ભારતના કિદામ્બી શ્રીકાંત એક સ્થાનના સુધારા સાથે તેમના શ્રેષ્ઠ ચોથા ક્રમે પહોંચી ગયાં.
- સોશિયલ નેટવર્કિંગ ક્ષેત્રની કંપની ફેસબુકે શૉપિંગ સર્ચ એન્જીન 'ધ ફાઇન્ડ'ને હસ્તગત કર્યું. આ હસ્તાંતરણની સાથે ફેસબુકે ઈ-કૉમર્સ ક્ષેત્રમાં પ્રવેશ કર્યો. હસ્તાંતરણનો હેતુ ફેસબુકના જાહેરાત ક્ષેત્રમાં સુધારો કરવાનો છે. 'ધ ફાઇન્ડ'ની સ્થાપના વર્ષ 2006માં કંપનીના મુખ્ય કાર્યકર શિવ કુમાર અને મુખ્ય ટેકનિકલ અધિકારી શક્તિકાંત ખંડેલવાલે કરી હતી. તે બંને ભારતીય મૂળના છે.
- દક્ષિણ પેસિફિક ટાપુઓ વેનુઆતુમાં શક્તિશાળી વાવાઝોડું પામે ખૂબ નુકસાન કર્યું. તેમાં 270 કિલોમીટર દર કલાકની ઝડપથી વિનાશક પવનો ફૂંકાયા અને સાથે જ મૂશળધાર વરસાદ પણ થયો.
- પ્રખ્યાત ગાંધીવાદી નારાયણ દેસાઈનું અવસાન થયું. દેસાઈ મહાત્મા ગાંધીની ડાયરીના લેખક મહાદેવ દેસાઈના પુત્ર હતા. તેઓ ગાંધી કથાના ગાન માટે પ્રખ્યાત હતા, જેને તેમણે વર્ષ 2004માં શરૂ કરી હતી. નારાયણ દેસાઈનો જન્મ 1924માં વલસાડમાં થયો હતો અને તે સાબરમતી આશ્રમ અને વર્ધાના સેવાગ્રામ આશ્રમમાં મોટા થયા હતા. દેસાઈ વિનોબા ભાવેના ભૂદાન આંદોલન અને જયપ્રકાશ નારાયણની સંપૂર્ણ ક્રાંતિ સાથે સંકળાયેલા રહ્યા. વર્ષ 1993માં નારાયણ દેસાઈને તેમના પિતા મહાદેવભાઈ દેસાઈના જીવનચરિત્ર માટે સાહિત્ય અકાદમી પુરસ્કાર એનાયત થયો હતો. વર્ષ 2001માં તેમને ગુજરાતી સાહિત્યના સર્વોચ્ચ પુરસ્કાર રણજીતરામ સુવર્ણ ચંદ્રક પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. નારાયણ દેસાઈએ મહાત્મા ગાંધીના જીવન અને તત્વજ્ઞાન પર આધારિત 'મારું જીવન એજ મારી વાણી' માટે ભારતીય જ્ઞાનપીઠ દ્વારા વર્ષ 2004નો 18મો મૂર્તિદેવી પુરસ્કાર જીત્યો હતો.

- 15 માર્ચ 2015ના દિવસે સમગ્ર વિશ્વમાં વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ ઉજવવામાં આવ્યો. ભારતમાં રાષ્ટ્રીય ગ્રાહક દિવસ દર વર્ષે 24 ડિસેમ્બરે ઉજવવામાં આવે છે. ભારતમાં રાષ્ટ્રીય ગ્રાહક દિવસ પ્રથમ વખત 24 ડિસેમ્બર 2000ના દિવસે ઉજવવામાં આવ્યો હતો.
- ભારતના બેડમિન્ટન ખેલાડી કિદામ્બી શ્રીકાંતે સ્વિસ ઓપન ગ્રાન્ડ પ્રિક્સ બેડમિન્ટન ટુર્નામેન્ટ 2015નો પુરુષ એકલ ખિતાબ જીત્યો. સ્વિસ ઓપન 2015માં કુલ પાંચ ખિતાબમાંથી ચીને ચાર ખિતાબ જીત્યા. યાદી આ મુજબ છે: મહિલા એકલ: સન યુ (ચીન), મહિલા યુગલ: બાઓ યિક્સિન અને તાંગ યુઆનતિંગ (ચીન), પુરુષ યુગલ: લૂ કાઈ અને કેઇ યૂં (ચીન), મિશ્ર યુગલ: લૂ કાઈ અને હુઆંગ યાકિઓંગ (ચીન).
- હરિયાણા વિધાનસભાએ ગૌવંશ સંરક્ષણ અને ગૌસંવર્ધન વિધેયક, 2015 પસાર કર્યું જેમાં રાજ્યમાં ગૌ હત્યા, માંસના વેચાણ પર કડક સજાની જોગવાઈ છે. સાથે જ દેશી ગાયોના વિકાસ, રખડતી ગાયોને રાખવા માટે ગૌશાળાઓ પણ બનાવવામાં આવશે. રાજ્યની બહાર ગાયની નિકાસ માટે લોકોએ મંજૂરી મેળવવા અરજી કરવી પડશે અને ખાતરી આપવી પડશે કે ગાયોની નિકાસ તેની હત્યા માટે કરવામાં આવતી નથી.
  - ☞ બંધારણની કલમ 48 મુજબ દેશ આધુનિક અને વૈજ્ઞાનિક રીતે આયોજીત ખેતી અને પશુપાલન માટે પ્રયત્ન કરશે અને ખાસ કરીને પ્રજાતિઓને સુરક્ષિત અને ઉન્નત રાખવા માટે પગલાં લેશે. તેની સાથે જ આ કલમ ગૌ-હત્યા, વાછરડા અને અન્ય દૂધાળા પશુઓની હત્યા પર નિષેધ કરે છે. ગૌહત્યા બંધારણની સાતમી અનુસૂચિ હેઠળ રાજ્યનો વિષય (સૂચિ II) છે.
- ક્રેડિટ રેટિંગ ઇન્ફર્મેશન સર્વિસીઝ ઓફ ઇન્ડિયા લિમિટેડ(Credit Rating Information Services of India Limited-CRISIL) કંપનીમાં MD અને CEO તરીકે આશુ સુયશની નિમણૂક કરી. તે રૂપા કુડવાનું સ્થાન લેશે અને જૂન 2015થી કાર્યભાર સંભાળશે. આશુને ભારતીય નાણાં સેવા ઉદ્યોગમાં 26 વર્ષથી વધુ અનુભવ છે. તે હાલમાં એલ એન્ડ ટી ઇન્વેસ્ટમેન્ટ મેનેજમેન્ટનાં CEO છે. ક્રિસિલ સ્ટાન્ડર્ડ એન્ડ પૂઅર્સનો એક ભારતીય એકમ છે. )16(
- સેનાએ ટાઈબ્રેકરમાં યજમાન પંજાબને હરાવી સંતોષ ટ્રોફી ફૂટબૉલ સ્પર્ધા 2015 (69મી રાષ્ટ્રીય ફૂટબૉલ સ્પર્ધા) જીતી. સર્વિસીઝે (સેના) આ સ્પર્ધા ચોથી વખત જીતી. સંતોષ ટ્રોફી ફૂટબૉલ સ્પર્ધાને સિનિયર રાષ્ટ્રીય ફૂટબૉલ ચેમ્પિયનશિપ પણ કહેવામાં આવે છે. બંને ટીમો નિયત સમયમાં ગોલ કરી શકી નહીં જેના પરિણામે ટાઈબ્રેકરની મદદ લેવામાં આવી. સંતોષ ટ્રોફી ફૂટબૉલ સ્પર્ધાની શરૂઆત વર્ષ 1941માં ઇન્ડિયન ફૂટબૉલ એસોસિએશને કરી હતી. સૌથી વધુ 31 વખત સંતોષ ટ્રોફીનો ખિતાબ પશ્ચિમ બંગાળે જીત્યો છે.
- (સુધારા) બિલમાં વીમા ક્ષેત્રમાં ફોરેન ડાયરેક્ટ ઇન્વેસ્ટમેન્ટ (FDI)ની સીમાને 26% થી વધારીને 49% કરવાની જોગવાઈ છે. વીમા કાયદા (સુધારા) બિલ પસાર થવાની સાથે જ વીમા કાયદો,

1938, સામાન્ય વીમો (રાષ્ટ્રીયકરણ) વિધેયક, 1972 અને વીમા નિયામક અને વિકાસ સત્તાધિકાર વિધેયક 1999 માં પણ સુધારો કરવામાં આવ્યો.

- કેન્દ્રિય ઉત્તર-પૂર્વ ક્ષેત્ર વિકાસ મંત્રાલયે પૂર્વોત્તર ક્ષેત્રની બ્રાન્ડ એમ્બેસેડર તરીકે ઓલમ્પિક બ્રોન્ઝ મેડલ વિજેતા બૉક્સર એમસી મેરીકૉમની નિમણુક કરી. પૂર્વોત્તર ક્ષેત્રને મળેલી 2.4 લાખ કરોડ રૂપિયાની વ્યાવસાયિક શક્યતાઓને રોકાણકારો સામે રાખવા માટે મેરીકૉમને આ ક્ષેત્રની બ્રાન્ડ એમ્બેસેડર બનાવવામાં આવી. એમસી મેરીકૉમ પાંચ વખત વિશ્વ ચેમ્પિયન અને ઓલમ્પિક બ્રોન્ઝ મેડલ વિજેતા છે. એમસી મેરીકૉમ વર્ષ 2014ના ઇન્ચેઓન એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતનારી પ્રથમ ભારતીય મહિલા બૉક્સર હતી. ‘મેગ્નિફિસેન્ટ મેરીકૉમ’ નામથી જાણીતી મેરીકૉમનો જન્મ 1883માં મણિપુરના ચુરાચાંદપુર જીલ્લામાં થયો હતો. મેરીકૉમની આત્મકથાનું નામ ‘અનબ્રેકેબલ’ છે. મેરીકૉમના જીવનચરિત્ર પર આધારિત મેરીકૉમ ફિલ્મને વર્ષ 2014માં રજૂ કરવામાં આવી હતી. તેમાં મેરીકૉમની ભૂમિકા પ્રિયંકા ચોપડાએ ભજવી હતી. આ ફિલ્મને ઓમંગ કુમારે નિર્દેશિત કરી હતી.
- ફૉર્મ્યુલા વન ટીમ મર્સિડીઝના ડ્રાઇવર લેવિસ હેમિલ્ટને ઑસ્ટ્રેલિયન ગ્રાન્ડ પ્રિક્સનો ખિતાબ જીત્યો. મર્સિડીઝના નિકો રોસબર્ગ બીજા અને ફેરારીના સેબેસ્ટિયન વીટેલ ત્રીજા સ્થાને રહ્યા.
- સ્ટૉકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટીટ્યુટે (Stockholm International Peace Research Institute (SIPRI) આંતરરાષ્ટ્રીય શસ્ત્ર પરિવહનમાં યરબુક 2014 રજૂ કરી. તે મુજબ ભારત વિશ્વનો સૌથી મોટો શસ્ત્ર અને લશ્કરી સાધનોનો આયાતકર્તા દેશ છે. વૈશ્વિક આયાતના 15% આયાત ભારતમાં થાય છે અને રશિયા તેનું સૌથી મોટુ સપ્લાયર છે. વર્ષ 2010-14માં ભારતની આયાત તેના પ્રાદેશિક પ્રતિસ્પર્ધીઓ ચીન અને પાકિસ્તાન કરતાં ત્રણ ગણી વધુ હતી. અમેરિકા, રશિયા, ચીન, જર્મની અને ફ્રાન્સ વર્ષ 2010-14માં સૌથી વધુ નિકાસકર્તા રહ્યા છે. કુલ હથિયાર નિકાસમાં આ પાંચ દેશોની સંયુક્ત ભાગીદારી 74% રહી. અમેરિકા અને રશિયાએ મળીને તમામ નિકાસનો 58% પુરવઠો પૂરો પાડ્યો. વર્ષ 2010-14માં ચીન જર્મનીને પાછળ રાખી ત્રીજુ સૌથી મોટું હથિયાર નિકાસકર્તા બની ગયું. વર્ષ 2005-09માં ચીનનું સ્થાન નવમું હતું.
- સુપ્રીમ કૉર્ટે સરકારી અધિકારીઓને ચેતવણી આપી છે કે તે નાગરિકોને તેમના આધાર કાર્ડના ઉપયોગ માટે દબાણ ના કરી શકે. ઉપરાંત સુપ્રીમ કૉર્ટે જણાવ્યુ છે કે એક પણ વ્યક્તિ એવો ન હોવો જોઈએ જેને આધાર કાર્ડ મળ્યુ ન હોય.
- સંયુક્ત રાષ્ટ્ર અમેરિકામાં આવેલા મિરાક કેપિટલે સહારા ગ્રુપ પર 400 મિલિયન અમેરિકન ડૉલરનો બદનક્ષીનો દાવો કરવાનો નિર્ણય કર્યો. મિરાક કેપિટલે સહારા ગ્રુપ સાથે નાણાંકીય કરાર નિષ્ફળ થવાના કારણે તેની છાપને નુકસાન અને રોકાણકારોનો તેના પર વિશ્વાસ તોડવાનો આરોપ છે. તે સિવાય તેણે સહારા ગ્રુપ પર છેતરપિંડીનો આક્ષેપ પણ કર્યો છે.

- સુપ્રીમ કોર્ટે કેન્દ્રિય OBCની યાદીમાં જાટને સામેલ કરવાના કેન્દ્ર સરકારના નિર્ણયને નકારી દીધો. સુપ્રીમ કોર્ટે આ કારણોથી કેન્દ્ર સરકારના નિર્ણયને નકારી કાઢ્યો: પછાત વર્ગના રાષ્ટ્રીય પંચે (National Commi˙ ion for Backward Cla˙ ˙ e -NCBC) 26 ફેબ્રુઆરી 2014ના દિવસે પછાત વર્ગની કેન્દ્રિય યાદીમાં જાટ સમુદાયનો સમાવેશ કરવાની કેન્દ્ર સરકારની વિનંતીને ફગાવી કારણ કે તે સામાજીક-આર્થિક રીતે પછાત વર્ગ નથી. મંડળ આયોગની ભલામણ મુજબ જાતિ એક મુખ્ય પરિબળ છે, પરંતુ તે કોઈ પછાતપણાને નિયત કરવાનું એક માત્ર પરિબળ હોઈ શકે નહીં. OBC યાદીમાં જાટ જેવા રાજકીય રીતે સંગઠિત વર્ગનો સમાવેશ અન્ય પછાત વર્ગો માટે સારો નથી. સુપ્રીમ કોર્ટે તેના નિર્ણયમાં જણાવ્યુ છે કે કેન્દ્રનો નિર્ણય દાયકાઓ જૂની માહિતી પર આધારિત છે અને અનામત માટે પછાતપણાનો આધાર સામાજીક હોવો જોઈએ, નહીં કે આર્થિક કે શૈક્ષણિક. સુપ્રીમ કોર્ટે જણાવ્યુ છે કે સરકારને ટ્રાન્સજેન્ડર જેવા નવા પછાત ગ્રુપને OBC હેઠળ લેવા જોઈએ.

## ➢ <u>3rd week</u>

- ભાજપના વિધાનસભ્ય કવિન્દર ગુપ્તા જમ્મુ-કાશ્મીરની 12મી વિધાનસભાના અધ્યક્ષ ચૂંટાયા. ગુપ્તા જમ્મુ જીલ્લાના ગાંધીનગર મતવિસ્તારના વિધાનસભ્ય છે.
- દેશની પ્રમુખ સૉફ્ટવેર કંપની વિપ્રો લિમિટેડે ટાટા કન્સલ્ટન્સી સર્વિસીઝના ભૂતપૂર્વ ટોચના અધિકારી <u>આબિદ અલી નીમચવાલા</u>ની કંપનીના ચીફ ઑપરેટિંગ ઑફિસર (Chief Operating Officer-COO) અને ગ્રુપ પ્રેસિડેન્ટ તરીકે નિમણુક કરી. તેઓની નિયુક્તિ 1 એપ્રિલ 2015થી અમલી બનશે.
- ભારતીય અમેરિકન <u>રેણુ ખટોરની</u> અમેરિકન કાઉન્સિલ ઑફ એજ્યુકેશન (American Council on Education-ACE) ના બૉર્ડ ઑફ ડિરેક્ટરના અધ્યક્ષ તરીકે પસંદગી. ACE અમેરિકાની કોલેજો અને યુનિવર્સિટીઓની મુખ્ય સંયોજક સંસ્થા છે. ઉત્તર પ્રદેશમાં જન્મેલી ખટોર 2008થી યુનિવર્સિટી ઑફ હૉસ્ટનની સિસ્ટમ ચાન્સેલર અને અધ્યક્ષ પદે કાર્યરત છે. તે પહેલા તેઓ ACE બૉર્ડની ઉપાધ્યક્ષ રહી ચૂકેલ છે.

www.crackgpsc.com



- ભારતીય સંશોધક મિનોતી આપ્ટેને ઑસ્ટ્રેલિયામાં ન્યુ સાઉથ વેલ્સ (New South Wales-NSW) વુમેન ઑફ ધ યર 2015 પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યાં. તેમને આ સન્માન કેન્સર પર સંશોધન, ઉચ્ચ શિક્ષણ અને ભારતીય સમુદાય માટે યોગદાન બદલ આપવામાં આવ્યું. આપ્ટે સિડનીની નોંધપાત્ર ભારતીય વસ્તી માટે કામ કરતી મરાઠી એસોસિએશન ઑફ સિડનીની એક સક્રિય સભ્ય છે.
- કાપડ મંત્રાલયના કેન્દ્રિય કૌશલ્ય વિકાસ અને ઉદ્યમ સાહસિકતા વિભાગે એક નવી સંસ્થા 'હસ્તકળા અને જાજમ ક્ષેત્ર કૌશલ્ય પરિષદ' (Handicraft & Carpet Sector Skill Council)ની રચના કરી. આ પરિષદ નવી દિલ્લીમાં સ્થાપિત થશે. આ પરિષદનો હેતુ હસ્તકલા કારીગરો અને નીચલા વર્ગના કામદારોના કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપવાનો છે. અર્થતંત્રમાં દરેક ક્ષેત્રે કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપવાની ખૂબ જરૂરીયાત છે જેનાથી ભારત સારી ગુણવત્તાવાળી વસ્તુઓના ઉત્પાદનમાં સ્પર્ધાત્મક બની શકે. તે સાથે જ 'મેક ઇન ઇન્ડિયા'ની સફળતા માટે કુશળ ભારત જરૂરી છે.
- યુવા કવિ, લેખક અને ટીવી પત્રકાર આલોક શ્રીવાસ્તવની પસંદગી વર્ષ 2014ના 'રાષ્ટ્રીય દુષ્યંત કુમાર અલંકરણ' માટે કરવામાં આવી. 'રાષ્ટ્રીય દુષ્યંત કુમાર અલંકરણ' મેળવનારાઓમાં આલોક શ્રીવાસ્તવ સૌથી ઓછી વયના રચયિતા છે. આલોક શ્રીવાસ્તવ હિન્દી ગઝલકાર, કથાલેખક અને ટીવી પત્રકાર છે. આલોક શ્રીવાસ્તવનો પ્રથમ ગઝલ-સંગ્રહ 'આમીન' પ્રકાશિત થયો. 'આમીન' માનવીય-મૂલ્યો અને માનવ-સંબંધોનું મહત્વ સમજાવતી કવિતાઓનો એક ગઝલ સંગ્રહ છે. 'આમીન' પછી આલોક 'સંબંધોના કવિ' તરીકે ઓળખવા લાગ્યાં. પ્રથમ 'રાષ્ટ્રીય દુષ્યંત કુમાર અલંકરણ' શાયર અદમ ગોંડવીને આપવામાં આવ્યુ હતું.
- ભારત સરકારના રેલવે મંત્રી સુરેશ પ્રભુએ ભારતીય રેલવેના નવીનીકરણ માટે 'કાયાકલ્પ' પરિષદની રચના કરી. ટાટા સન્સના નિવૃત્ત અધ્યક્ષ અને ઉદ્યોગપતિ રતન ટાટાને ભારતીય રેલવેની નવીનીકરણ પરિષદ 'કાયાકલ્પ'ના અધ્યક્ષ નિયુક્ત કરવામાં આવ્યા.

**'કાયાકલ્પ' પરિષદનો હેતુ:**

☞ ભારતીય રેલવેમાં સુધારો, વિસ્તૃત ફેરફાર અને તેને વધુ સારી બનાવવા માટે અનોખા પ્રયત્નો અને પ્રક્રિયાઓના સૂચન અને ભારતીય રેલવેમાં આધુનિકતા લાવવા માટે સલાહ આપવી.

**'કાયાકલ્પ' પરિષદનું કાર્ય:**

☞ કાયાકલ્પ પરિષદ બધા હિતધારકો અને અન્ય રસ ધરાવતા પક્ષો સાથે સલાહ-સૂચના કરશે. તે રેલવેમાં રોકાણને આકર્ષવા માટે જરૂરી ફેરફારોની રૂપરેખા તૈયાર કરશે અને તેને એક નવું રૂપ આપવા માટે સલાહ આપશે.

www.crackgpsc.com

- HDFC બેન્કે ગ્રાહકો દ્વારા ભારતમાં કોઈ પણ વ્યક્તિને તાત્કાલિક નાણાં મોકલવાની સુવિધા આપવા માટે મોબાઇલ એપ્લિકેશન ચિલ્લર શરૂ કરી. બેન્કે કોચીમાં આવેલ ટેક્નોલૉજી કંપની મોબમી સાથે મળીને આ એપ લૉન્ચ કરી. આ મોબાઇલ એપ HDFC બેન્કના ગ્રાહકોને અઠવાડિયાના સાત દિવસ અને દિવસના ચોવીસ કલાક તુરંત પૈસા મોકલવાની સુવિધા આપે છે. ચિલ્લર દ્વારા સૌથી વધુ વ્યવહારની સીમા 5000 રૂપિયા અથવા રોજની દસ લેવડ દેવડ અને 50000 રૂપિયા દર મહિને છે. નાણાંને એમ-પિન દ્વારા પણ મોકલી શકાય છે. 'એમ પિન' માત્ર ગ્રાહકને જ ખબર હોય છે.
- પરમાણુ વૈજ્ઞાનિક અનિલ કાકોડકરે IIT મુંબઈના બૉર્ડ ઑફ ગવર્નર્સના અધ્યક્ષ પદેથી રાજીનામું આપ્યું. વર્ષ 2006માં IIT બોમ્બેના બૉર્ડ ઑફ ગવર્નર્સના અધ્યક્ષ પર નિયુક્ત થયા પહેલા અનિલ કાકોડકરે વર્ષ 2000 થી વર્ષ 2009 સુધી પરમાણુ ઊર્જા આયોગના અધ્યક્ષ તરીકે કામ કર્યું. વર્ષ 1996થી વર્ષ 2000 સુધી તે ભાભા પરમાણુ અનુસંધાન કેન્દ્ર, ટ્રોમ્બેના નિર્દેશક રહ્યાં. તેમણે હાઇ ટેક પ્રોજેકટ ધ્રુવ રિએક્ટરની ડિઝાઇન અને નિર્માણમાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. પરમાણુ વિજ્ઞાનમાં તેમની સિદ્ધિઓ માટે કેન્દ્ર સરકારે અનિલ કાકોડકરનું વર્ષ 1998માં પદ્મશ્રી, 1999માં પદ્મ ભૂષણ અને વર્ષ 2009માં પદ્મ વિભૂષણથી સન્માન કર્યુ છે.
- વીકે માથુર DRAT -Debt Recovery Appellate Tribunal ની અલાહાબાદ બેન્ચના અને ગિરિજા શંકર ચેન્નાઈ બેન્ચના અધ્યક્ષ નિયુક્ત. તેમની નિયુક્તિ પાંચ વર્ષ સુધી કે તેમની ઉંમર 65 વર્ષ થાય ત્યાં સુધી, તેમાંથી જે પ્રથમ હશે, તે માન્ય રહેશે.

  DRAT

  ☞ ભારત સરકારે વર્ષ 2000માં નાણાકીય સંસ્થાઓને ઝડપી અને અસરકારક રીતે તેના ખરાબ ઋણને વસૂલ કરવામાં મદદ કરવાના હેતુસર સમગ્ર દેશમાં 33 DRT (Debt Recovery Tribunal) અને 5 ઋણ વસૂલાત અપીલ ન્યાયાધીકરણ (DRAT)ની રચના કરી છે. પાંચ DRAT અલાહાબાદ, ચેન્નાઈ, દિલ્લી, કોલકાતા અને મુંબઈમાં આવેલી છે.
- પાકિસ્તાન સરકારે એર માર્શલ સોહેલ અમાનને (Air Mars-al So-ail Aman) પાકિસ્તાનની વાયુસેના (પીએએફ, Pakitan Air Force) ના અધ્યક્ષ નિયુક્ત કર્યાં. સોહેલ અમાને એર ચીફ માર્શલ તાહિર રફીક બટનું સ્થાન લીધું. સોહેલ અમાન લડાયક વિમાનના એક કુશળ પાયલોટ છે.
- ભારતની સ્વદેશી ટેક્નોલૉજીના આધારે વિકસિત દ્રષ્ટિથી દૂર (Beyond Viual Range -BVR) હવાથી હવામાં માર કરી શકે તેવી મિસાઇલ અસ્ત્રનું ઓરિસ્સાના ચાંદીપુરમાં ઇન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જથી સફળ પરીક્ષણ કરવામાં આવ્યું. મિસાઇલને સુખોઈ 30 લડાયક વિમાનથી સફળતાથી છોડવામાં આવી. તે સુપરસોનિક ગતિથી દુશ્મનના વિમાનનો નાશ કરી શકે છે. અસ્ત્ર મિસાઇલની ઓપરેટિંગ રેન્જ 60 કિમી છે.

અસ્ત્ર મિસાઇલ

☞ તે ભારતની પ્રથમ દ્રષ્ટિથી દૂર (BVR) હવામાંથી હવામાં માર કરી શકે તેવી મિસાઇલ છે. તમામ પ્રકારની પરિસ્થિતિઓમાં કામ કરવામાં સક્ષમ અને આધુનિક ટેક્નોલૉજી આધારિત આ મિસાઇલને ડીઆરડીઓ (Defence Reearcษ and Development Organi ation-DRDO) દ્વારા વિકસાવવામાં આવી છે. 3.8 મીટર લાંબી અસ્ત્ર મિસાઇલ DRDOની સૌથી નાની મિસાઇલ છે. તેને વિવિધ ઊંચાઈએથી છોડી શકાય છે.

- શ્રીલંકાના ક્રિકેટ ખેલાડી કુમાર સંગાકારા અને મહેલા જયવર્ધનેએ ઇન્ટરનેશનલ ક્રિકેટમાંથી સંન્યાસ લીધો. સંગાકારાએ તેમની સંપૂર્ણ કારકિર્દી દરમિયાન સૌથી વધુ 2700 રન ભારત સામે બનાવ્યા છે. સંગાકારા વન ડે ઇન્ટરનેશનલ ક્રિકેટમાં 13000 રન બનાવનાર વિશ્વના ચોથા ક્રિકેટર બન્યાં. તે સનથ જયસૂર્યા પછી 13000 રન પૂરા કરનાર શ્રીલંકાના બીજા ખેલાડી છે. સચિન તેંડુલકર અને રિકી પૉન્ટિંગ 13000 રન પૂરા કરવાની યાદીમાં અનુક્રમે પ્રથમ અને બીજા સ્થાને છે. કોઈ વર્લ્ડ કપમાં 500થી વધુ રન બનાવનાર સંગાકારા છઠ્ઠા બેટ્સમેન છે.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 13 ગુજરાતી પત્રકારોને બટુકભાઈ દીક્ષિત પુરસ્કાર એનાયત કર્યો. ગુજરાતના સૌથી જૂના સમાચારપત્ર 'ડેઇલી ગુજરાત મિત્ર'ના પત્રકાર હરેશ જૈને આ પુરસ્કાર પ્રાપ્ત કર્યો. હરેશ જૈન એક રમત પત્રકાર અને ફીચર લેખક છે. આ પુરસ્કાર સુરત શહેર પત્રકાર કલ્યાણ નિધિનો વાર્ષિક પુરસ્કાર છે. આ પુરસ્કાર પત્રકારોને પત્રકારત્વના વિવિધ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ યોગદાન માટે આપવામાં આવે છે.
- ચીન સમર્થિત એશિયન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ બેન્ક (A ian Infra tructure Inve tment Bank-AIIB)માં યુકે દ્વારા બેન્કમાં સામેલ થવાના નિર્ણય બાદ ફ્રાન્સ, જર્મની અને ઇટાલી પણ તેમાં સામેલ થશે. અમેરિકા દ્વારા આ બેન્કની પારદર્શકતા પર પ્રશ્ન થવા છતાં યુકે તેમાં સામેલ થનાર સૌથી પ્રથમ પશ્ચિમી દેશ હતો. જો અમેરિકાના નેતૃત્વવાળો આ પશ્ચિમી દેશ બેન્કમાં સામેલ થાય તો ભારત સહિત બેન્કના સભ્ય દેશોની કુલ સંખ્યા 30 થશે. AIIB 50 અબજ ડૉલરની ઇન્ટરનેશનલ ઇન્વેસ્ટ બેન્ક છે અને ચીનના રાષ્ટ્રપતિ ઝી જિનપિંગે 2014માં તેની શરૂઆત કરી હતી. આ બેન્કની શરૂઆત એશિયામાં મૂળભૂત માળખાથી જોડાયેલી યોજનાઓના સમર્થન માટે શરૂ કરવામાં આવી હતી. અપેક્ષા છે કે 2015ના અંત સુધી બેન્ક ઔપચારિક રીતે સ્થાપિત થઈ જશે. 2014માં બીજા 20 દેશો સાથે ભારતે ચીન સમર્થિત એશિયન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ બેન્ક (AIIB)ના સ્થાપક સભ્ય બનવા માટે કરાર પર હસ્તાક્ષર કર્યા હતાં.
- આપત્તિ જોખમમાં ઘટાડો કરવા ત્રીજું સંયુક્ત રાષ્ટ્ર વિશ્વ શિખર સમ્મેલન (World Conference on Diater Rik Reduction on-WCDRR) જાપાનના મિયાગી પ્રાંતના સેન્ડાઈ શહેરમાં યોજવામાં આવી. શિખર સમ્મેલનમાં કાર્યવાહી માટે હ્યોગો રૂપરેખા (2005-15)ના અમલીકરણની સમિક્ષા કરવામાં આવી અને આપત્તિ જોખમના ઘટાડા માટે પોસ્ટ-2015ના માળખાને સ્વીકારવામાં

www.crackgpsc.com

આવ્યું. આ શિખર સમ્મેલન ડિસેમ્બર 2013માં થયેલ સંયુક્ત રાષ્ટ્ર સંકલ્પ હેઠળ યોજાયું. આ શિખર સમ્મેલનમાં ભારતના ગૃહમંત્રી રાજનાથ સિંઘે દેશનું પ્રતિનિધિત્વ કર્યું.

**હ્યોગો રૂપરેખા 2005**

☞ હ્યોગો રૂપરેખા 2005માં જાપાનના કોબે શહેરમાં યોજાયેલ શિખર સમ્મેલનનું પરિણામ છે. HFAએ કાર્યવાહી માટે પાંચ વિશેષ પ્રાથમિકતાઓનું સૂચન કર્યુ હતું. તે હતી – આપત્તિ જોખમ ઘટાડાને પ્રાથમિકતા આપવી, જોખમ જાણકારી અને પૂર્વ ચેતવણીમાં સુધારો અને સુરક્ષા અને સાનુકૂળ સંસ્કૃતિનું નિર્માણ, મુખ્ય ક્ષેત્રોમાં જોખમને ઓછું કરવું, પ્રતિસાદ માટે મજબૂત તૈયારી. )18(

- ભારતીય મૂળના નોબેલ પુરસ્કાર વિજેતા સર વેંકટરામન રામક્રિશ્નનની બ્રિટેનની રૉયલ સોસાયટીના અધ્યક્ષ પદ માટે પસંદગી. તેઓ 1 ડિસેમ્બર 2015થી તેમનું પદ સંભાળશે. તેઓ સર પૉલ નર્સનું સ્થાન લેશે. ઈ.સ. 1660માં સ્થપાયેલી રોયલ સોસાયટી વિશ્વની સૌથી પ્રાચીન વિજ્ઞાન સંસ્થા છે. સર વેંકટરામન રામક્રિશ્નન આ પદ માટે પસંદગી પામેલા પ્રથમ ભારતીય મૂળના વૈજ્ઞાનિક છે. વેંકટરામન રામક્રિશ્નનને વર્ષ 2009માં મોલિક્યુલર બાયોલૉજીમાં નોંધપાત્ર યોગદાન આપવા બદલ રસાયણ શાસ્ત્રનો નોબેલ પુરસ્કાર એનાયત થયો હતો. વર્ષ 2010માં તેમને ભારત સરકાર તરફથી પદ્મ વિભૂષણ સન્માનથી નવાજવામાં આવ્યા હતા. )18(
- હરિયાણાની સરકારે ગાયો માટે UIDAI (Unique Identification AutSority of India-UIDAI) (આધાર કાર્ડ)ની જેમ જ ગાયોની દેશી જાતિને 'વિશેષ ઓળખ નંબર' આપવાનો નિર્ણય કર્યો. હરિયાણા રાજ્ય દેશનો પ્રથમ એવો પ્રદેશ હશે જ્યાં ગાયોની ઓળખ માટે 12 આંકડાનો એક યુનિક ID નંબર આપવામાં આવશે. તે 'વિશેષ ઓળખ ટેગ' અને વિશિષ્ટ નંબર 'ભારતીય ઓળખ વિશેષ સત્તાધિકાર'ના સ્વરૂપની જેમ હશે. વિશેષ ટેગમાં ગાયનો ફોટો, જાતિ, રંગ અને શારીરિક રચનાની સાથે તેની ઉંમરની માહિતી હશે. આ યોજનાનો હેતુ ગાયોને તેની ઓળખ આપવી અને ગાયોની સુરક્ષા અને સ્વાસ્થ્ય પર નજર રાખવી અને સુવિધા પૂરી પાડવાનો છે.
- લોકસભામાં ધ્વનિ મતથી નિરસ્ત અને સુધારા બિલ, 2014 પસાર થયું. બિલમાં આંશિક અને સંપૂર્ણ રીતે 35 પ્રાચીન કાયદાઓને રદ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે કારણ કે તે બિનઅસરકારક અને કાલગ્રસ્ત થઇ ગયા હતાં. આ પહેલા 8 ડિસેમ્બર, 2014ના દિવસે લોક સભાએ નિરસ્ત અને સુધારા (દ્વિતીય) બિલ પસાર કર્યુ જેમાં 90 કાયદાઓને રદ કરવા અને બે કાયદાઓમાં સુધારા કરવાની માંગ હતી. 90 કાયદાઓમાંથી 88 સંપૂર્ણ રીતે રદ કરી દેવામાં આવ્યા છે. દેશમાં 1741 કાયદાઓ અનાવશ્યક થઇ ગયા છે તો પણ તે હજી સુધી અસ્તિત્વમાં છે. આ સંબંધમાં ભાજપના નેતૃત્વવાળી રાજગ સરકારે 741 વિનિયોગ અધિનિયમોની ઓળખ કરી જેને રદ કરવાની જરૂર છે.

www.crackgpsc.com

- નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે સૂચના આપી છે કે કોઈ પણ વ્યક્તિ રેલવે સંપત્તિ પર કચરો નાખશે તેને પાંચ હજાર રૂપિયા દંડ ભરવો પડશે. આ આદેશ સ્વચ્છ ભારત અભિયાનને અમલમાં મૂકવા માટેના હેતુથી આપવામાં આવ્યો છે.
- ફૂટબૉલની સર્વોચ્ચ સંસ્થા ફિફાએ (ઇન્ટરનેશનલ ફૂટબૉલ ફેડરેશન) ફિફા યુ-20 વુમેન વર્લ્ડ કપ-2018 અને ફિફા વુમેન વર્લ્ડ કપ-2019ની મેજબાની ફ્રાન્સને સોંપી. ફિફા વુમેન વર્લ્ડ કપનું આયોજન વર્ષ 1991થી દર વર્ષે થાય છે. તેના સાતમા સંસ્કરણનું આયોજન 6 જૂન 2015થી 5 જુલાઈ 2015 વચ્ચે કેનેડામાં થશે.

ફિફા (International Federation of Association Football)

☞ આંતરરાષ્ટ્રીય ફૂટબૉલ સંઘ (International Federation of Association Football, ફેડરેશન ધ ફૂટબૉલ એસોસિએશન), જેને સામાન્ય રીતે ફિફાના નામે ઓળખવામાં આવે છે, ફૂટબૉલની એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે. તેની સ્થાપના 21 મે 1904ના દિવસે કરવામાં આવી હતી. તેનું મુખ્યાલય ઝ્યુરિચ, સ્વિટ્ઝર્લેન્ડમાં આવેલું છે. તેના અધ્યક્ષ સેપ બ્લેટર છે. ફિફા વર્લ્ડ કપનું આયોજન 1930થી થઈ રહ્યુ છે.

- ખાણ અને ખનીજ (વિકાસ અને વિનિમય) સુધારા બિલ 2015ને રાજ્યસભામાં મંજૂરી મળી. આ બિલ દ્વારા વર્ષ 1957ના મૂળ અધિનિયમમાં સુધારો કરવામાં આવ્યો હતો. આ બિલમાં ખાણકામથી પ્રાપ્ત થતી આવકનો ઉપયોગ સ્થાનિક ક્ષેત્રના વિકાસ સાથે જ સરકારની વિવેકાધીન સત્તાઓને પૂર્ણ કરવાની દિશામાં એક પહેલ કરવામાં આવેલ છે. તેમાં રાજ્યોને અનેક અધિકાર આપવામાં આવ્યા છે. તેમાં ખાણકામના લાઇસન્સની નવી શ્રેણી બનાવવામાં આવી છે. તેમાં ખાણકામ વિશે લીઝની મુદત અને લીઝને વધારવા માટેની રૂપરેખાને રજૂ કરવામાં આવી છે. તેની સાથે જ તેમાં ખાણ સાથે સંબંધિત રાહત આપવી અને તેને લગતી હરાજી સિસ્ટમ વિશે જણાવવામાં આવ્યુ છે.
- ઑસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અને લિબરલ પાર્ટીના નેતા મેલકૉમ ફ્રેજરનું નિધન થયું.
- અમિતાભ બચ્ચનને ભારતમાં કેન્દ્ર સરકારની મહત્વની જાહેર સ્વાસ્થ્ય સમસ્યા હિપેટાઇટિસ B નાબૂદી અભિયાનના બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત કરવામાં આવ્યા. હિપેટાઇટિસ B નાબૂદી અભિયાન એપ્રિલ 2015માં શરૂ કરવામાં આવશે. આ અભિયાન કેન્દ્ર સરકારની મહત્વાકાંક્ષી બાળ રસીકરણ કાર્યક્રમ મિશન ઇન્દ્રધનુષનો એક ભાગ છે. અમિતાભ બચ્ચન વર્ષ 2005થી પોલિયો નિવારણ માટે યુનિસેફ સાથે વૈશ્વિક રાજદૂત તરીકે જોડાયેલા છે. અમિતાભને વર્ષ 2002માં ભારતમાં પોલિયોના કેસની સંખ્યા વધ્યા પછી પલ્સ પોલિયો અભિયાનના બ્રાન્ડ એમ્બેસેડર નિયક્ત કરવામાં આવ્યા.
- સુમિત્રા મહાજને ભૂતપૂર્વ લોકસભા અધ્યક્ષ મીરા કુમાર દ્વારા લખાયેલ પુસ્તક 'ઇન્ડિયન પાર્લિયામેન્ટરી ડિપ્લોમેસી – સ્પીકર્સ પર્સ્પેક્ટિવ'નું લોકાર્પણ કર્યું. આ પુસ્તકનું પ્રકાશન

લોકસભા સચિવાલયે કર્યું. આ પુસ્તકમાં ભૂતપૂર્વ લોકસભા અધ્યક્ષ મીરા કુમારની ટિપ્પણીઓ અને અનુભવોને સામેલ કર્યા છે. તેની સાથે જ પુસ્તકમાં વિદેશ નીતિને આગળ વધારવા અને આંતરરાષ્ટ્રીય સંબંધોને મજબૂત બનાવવામાં સંસદીય કૂટનીતિની ભૂમિકાનું પણ વર્ણન છે.

- પાકિસ્તાન ક્રિકેટ ટીમના કેપ્ટન મિસબાહ-ઉલ-હક અને શાહિદ આફ્રિદીએ આંતરરાષ્ટ્રીય વન ડે ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી.
- મહારાષ્ટ્ર સરકારે ગિરગાંવ ચોપાટીનું નામ વયોવૃદ્ધ સ્વાતંત્ર્ય સેનાની બાળ ગંગાધર તિલકને સન્માનિત કરવા માટે સ્વરાજ ભૂમિ રાખવાની જાહેરાત કરી. ગિરગાંવ ચોપાટી મુંબઈ, મહારાષ્ટ્રની સૌથી જૂની ચોપાટી અને સૌથી લોકપ્રિય દરિયાકિનારો છે. તે મુંબઈમાં સૂર્યાસ્ત જોવાના સૌથી સારા સ્થળોમાંથી એક છે. ગિરગાંવ કિનારાને ચો-પાટી કહેવામાં આવે છે કારણ કે ત્યાં પાણીની ચાર ચેનલ મોજૂદ છે.
- સમગ્ર વિશ્વમાં વર્લ્ડ સ્પેરો ડે 20 માર્ચ 2015ના દિવસે ઉજવવામાં આવ્યો. વર્ષ 2014ના દિવસે વર્લ્ડ સ્પેરો ડેનો વિષય 'રાઇઝ ફોર ધ સ્પેરો' રહ્યો. પ્રથમ વર્લ્ડ સ્પેરો ડે 2010માં ઉજવવામાં આવ્યો હતો. તે નેચર ફોરએવર સોસાયટી ઑફ ઇન્ડિયાની સાથે ઈકો-સિસ એક્શન ફાઉન્ડેશન (ફ્રાન્સ) અને ઘણાં રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના સહકારથી શરૂ કરેલી આંતરરાષ્ટ્રીય પહેલ છે. નેચર ફોરએવર સોસાયટીને એક ભારતીય સંરક્ષણવાદી મોહમ્મદ દિલાવર દ્વારા શરૂ કરવામાં આવી હતી. નેચર ફોરએવર સોસાયટી વર્ષ 2005થી શહેરી વસવાટોમાં ઘરેલુ ચકલી અને અન્ય સામાન્ય વનસ્પતિ અને જીવના સંરક્ષણ માટે કામ કરી રહી છે.
- દેહરાદૂન-વારાણસી જનતા એક્સપ્રેસ રાયબરેલી (ઉત્તર-પ્રદેશ)માં દુર્ઘટનાગ્રસ્ત થઇ ગઈ. (20)
- કેન્દ્ર સરકારે તમામ કેન્દ્રશાસિત પ્રદેશોના પોલીસ દળમાં મહિલાઓને 33% અનામત આપવાનો નિર્ણય કર્યો. આ અનામત માત્ર કોન્સ્ટેબલ અને સબ ઇન્સ્પેક્ટર લેવલે જ લાગુ થશે. સબ ઇન્સ્પેક્ટરથી ઉપરના પદ માટે પહેલાંની જેમ ભરતી ચાલુ રહેશે. જે વર્ગોને (અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને પછાત વર્ગ) પહેલાથી આરક્ષણ મળેલું છે, તેમના ક્વોટામાં તે વર્ગની મહિલાઓ માટે 33% સીટો અનામત રહેશે. જાણમાં આવ્યું છે કે જસ્ટિસ વર્મા કમિટીએ તેમના રિપોર્ટમાં દુષ્કર્મની ફરિયાદની તપાસ મહિલા પોલીસ દ્વારા કરવાની ભલામણ કરી હતી અને ગૃહ મંત્રાલયે તે મુજબ CrPC (Criminal Procedure Code) અને IPC (Indian Penal Code)માં જરૂરી સુધારો કર્યો છે. મહિલા પોલીસ કર્મચારીઓના અભાવને કારણે તેને સંપૂર્ણપણે લાગુ કરવાનું શક્ય ન હતું. તેને ધ્યાનમાં રાખતા મહિલાઓને 33% અનામત આપવાનો નિર્ણય લેવામાં આવ્યો.

કરન્ટ શતક
Most Imp કરન્ટ અફેર્સ ગુજરાતીમાં...
તમામ પ્રશ્નો જવાબ સહિત

## ➢ 4th week

- કર્ણાટકે શેષ ભારતને હરાવી ઈરાની ટ્રોફી ક્રિકેટ ટુર્નામેન્ટ જીતી લીધી. ઈરાની ટ્રોફી પ્રથમ વખત વર્ષ 1959-60માં રમાઇ હતી, જેમાં મુંબઈ વિજેતા અને શેષ ભારત ઉપવિજેતા હતું.
- સુપ્રસિદ્ધ ગાયક લતા મંગેશકરને લાડલી વૉઇસ ઑફ ધ સેન્ચ્યુરી પુરસ્કાર આપવામાં આવ્યો.
- સિંગાપુરના પ્રથમ વડાપ્રધાન લી કુઆન યૂનું અવસાન થયું. સિંગાપુરને નાના બંદરમાંથી વેપારનું વૈશ્વિક કેન્દ્ર બનાવવાનો શ્રેય લી કુઆન યૂને આપવામાં આવે છે. કુઆન લીએ સિંગાપુરના વડાપ્રધાન રહીને દેશને વિશ્વના ટોચના દેશોની હરોળમાં રાખવાની મહત્વની ભૂમિકા ભજવી. તેઓ પીપલ્સ એક્શન પાર્ટી (PAP)ના સહ સ્થાપક હતા. લીના મોટા પુત્ર લી સીન લૂંગ સિંગાપુરના વર્તમાન વડાપ્રધાન છે. લીને સિંગાપુરના સ્થાપક પિતા કહેવામાં આવે છે અને તેમને દેશના માત્ર ત્રણ દાયકાની અંદર આર્થિક સત્તા સ્વરૂપે પરિવર્તિત કરવાનો શ્રેય આપવામાં આવે છે.
- ભારતીય ટેનિસ ખેલાડી સાનિયા મિર્ઝાએ તેની ડબલ્સ સાથી સ્વિટ્ઝર્લેન્ડની ખેલાડી માર્ટિના હિંગિસની સાથે તાજેતરની WTA (Women' Tenni Ranking ) યુગલ રેંન્કિંગમાં કરિયરનું શ્રેષ્ઠ ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું. મહિલા એકલ રેંન્કિંગમાં અંકિતા રૈના 253મા રેંન્કિંગ સાથે ભારતની શ્રેષ્ઠ ખેલાડી છે.
- ભારતીય ઉદ્યોગ સંઘે (CII-Confederation of Indian Indu tr્ર) લી કુઆન યૂ સ્કૂલ ઑફ પબ્લિક પૉલિસી, નેશનલ યુનિવર્સિટી ઑફ સિંગાપુર (Univer it્ર of Singapore-NUS)ની સાથે ઈઝ ઑફ ડૂઇંગ બિઝનેસમાં ભારતના રેટિંગમાં સુધારો કરવા માટે એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યાં. MOUનો હેતુ વેપારને સરળતાથી વધારવો અને વિશ્વ બેન્ક અનુસાર ભારતને હાલના 142મા સ્થાનથી વિશ્વના ટોચના 50 દેશોની વચ્ચે લાવવાનો છે.
- HTC કૉર્પોરેશનના સહ સ્થાપક શેર વેંગે CEOનો કાર્યભાર સંભાળ્યો. તેમણે પીટર ચોઉનું સ્થાન લીધું. શેર વેંગે 1997માં HTC કંપનીની સ્થાપના કરી હતી. ટેક્નોલૉજી ક્ષેત્રમાં તેમને સૌથી સફળ અને શક્તિશાળી મહિલાઓમાંથી એક માનવામાં આવે છે. HTC (High-Tec્ Computer) કૉર્પોરેશનનું પૂરું નામ હાઇટેક કમ્પ્યુટર કૉર્પોરેશન છે. તે તાઇવાનની સ્માર્ટ ફોન અને ટેબલેટ નિર્માતા કંપની છે. તેનું મુખ્યમથક તાઇવાનના ન્યુ તાઇપેઇ સિટીમાં છે.

www.crackgpsc.com

Useful For....
UPSC, GPSC, GAUN SEVA, PSI, SSC, CDS,
NDA, AIR FORCE, NAVY, IB, IFS, RBI, IBPS,
SBI, TAT, TET, HTAT, Railway, Post, LIC, GIC,
AAO, GCET, MBA & All Competitive Exams
www.crackgpsc.com

- સર્બિયાના ટેનિસ ખેલાડી નોવાક જોકોવિચે સ્વિટ્ઝર્લેન્ડના રોજર ફેડરરને હરાવી BNP પારિબાસ ઇન્ડિયન વેલ્સ ટેનિસ ટુર્નામેન્ટ-2015ના પુરુષ એકલનો ખિતાબ જીત્યો. તેમણે આ જીત સાથે જ રોજર ફેડરરની આ ટુર્નામેન્ટમાં સૌથી વધુ ચાર પુરુષ એકલ ખિતાબની બરાબરી કરી. રોમાનિયાની મહિલા ટેનિસ ખેલાડી સિમોના હાલેપે BNP પારિબાસ ઇન્ડિયન વેલ્સ ટેનિસ ટુર્નામેન્ટ-2015નો મહિલા એકલ ખિતાબ જીત્યો.
- કેન્દ્રિય પર્યાવરણ મંત્રાલયે એપ્રિલ 2015માં રાષ્ટ્રીય વાયુ ગુણવત્તા યાદી પ્રકાશિત કરવાની જાહેરાત કરી. રાષ્ટ્રીય વાયુ ગુણવત્તા યાદી હવાની ગુણવત્તા સમજવા માટે વ્યાપક અને સરળ રીત છે. આ યાદી આરોગ્યને અસર કરતા મુખ્ય આઠ પ્રદૂષણ પરિબળોનું માપન કરશે. તેમાં મુખ્ય રીતે (PM 10 અને PM 2.5) નાઇટ્રોજન ડાયૉક્સાઇડ, સલ્ફર ડાયૉક્સાઇડ, કાર્બન મૉનોક્સાઇડ, એમોનિયા સામેલ છે.
- ન્યૂયૉર્ક યુનિવર્સિટી (New York University-NYU)એ USના કેદીઓને શિક્ષણ આપવા માટે પ્રિઝન એજ્યુકેશન પ્રોગ્રામ (Pri on Edu૨ation Programme-PEP)ની જાહેરાત કરી. આ પ્રોગ્રામના પ્રમુખ ન્યૂયૉર્ક યુનિવર્સિટી (NYU)ના ભારતીય અમેરિકન પ્રોફેસર નિખિલ પાલ સિંઘ હશે.
- 21 માર્ચ 2015ના દિવસને આંતરરાષ્ટ્રીય વન દિવસ આબોહવા પરિવર્તન અને વન થીમ સાથે ઉજવવામાં આવ્યો. પ્રથમ વખત આંતરરાષ્ટ્રીય વન દિવસ 21 માર્ચ 2013ના દિવસે ઉજવવામાં આવ્યો હતો.
- મરાઠી લોક ગાયક સાહિર કિશ્નારાવ સેબલનું નિધન.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આગામી ત્રણ વર્ષ માટે વિશ્વ ભારતી વિશ્વવિદ્યાલય (પ. બંગાળ)ના કુલપતિ નિમવામાં આવ્યાં. આ પદ પર તેમણે ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહન સિંઘનું સ્થાન લીધું. વિશ્વ ભારતી યુનિવર્સિટી કેન્દ્રિય અને રાષ્ટ્રીય મહત્વની સંસ્થા તરીકે જાહેર કરાયેલ છે. તે એક માત્ર એવી યુનિવર્સિટી છે, જેના કુલપતિ વડાપ્રધાનને નિયુક્ત કરવામાં આવે છે. ભારતના રાષ્ટ્રપતિ તે યુનિવર્સિટીના મુલાકાતી (વિઝિટર) હોય છે.
- 'આંતરરાષ્ટ્રીય આતંકવાદ વિરોધી સંમેલન' જયપુરમાં પૂર્ણ થયું. આ ત્રણ દિવસીય સંમેલનનું આયોજન ઇન્ડિયા ફાઉન્ડેશન દ્વારા પોલીસ સલામતી અને ગુનાહિત ન્યાયના સરદાર પટેલ વિશ્વવિદ્યાલયના સહકારથી કરવામાં આવ્યું. આ સંમેલનમાં આંતરરાષ્ટ્રીય આતંકવાદ વિરોધી વ્યૂહરચના પર ચર્ચા કરવામાં આવી.
- ન્યુઝિલેન્ડ ક્રિકેટ ટીમના બેટ્સમેન માર્ટિન ગુપ્ટિલે ICC ક્રિકેટ વર્લ્ડ કપના ઇતિહાસનો શ્રેષ્ઠ સ્કોર અણનમ 237 રન બનાવ્યા. તેમણે માત્ર 152 બોલમાં બેવડી સદી પૂરી કરી. ગુપ્ટિલ વર્લ્ડ કપના ઇતિહાસમાં વ્યક્તિગત રીતે સૌથી વધુ રન બનાવનાર ખેલાડી બન્યા. માર્ટિન ગુપ્ટિલ ક્રિકેટ વર્લ્ડ કપના ઇતિહાસમાં વેસ્ટ ઇન્ડિઝના ક્રિસ ગેલ પછી બેવડી સદી બનાવનાર બીજા

ક્રિકેટર બની ગયા. ગુપ્ટિલ ન્યુઝિલેન્ડ તરફથી ઇન્ટરનેશનલ વન ડે ક્રિકેટમાં પ્રથમ બેવડી સદી બનાવનાર ખેલાડી બન્યા.

- ઝિમ્બાબ્વેના ક્રિકેટર બ્રેન્ડન ટેલરે ઇન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી. ટેલરે તેમની કરિયરની છેલ્લી મેચમાં ભારત સામે સદી બનાવી અને વર્લ્ડ કપમાં સતત બે સદી બનાવનાર ઝિમ્બાબ્વેના પ્રથમ ખેલાડી બન્યા.
- થંજાવુરની સસ્ત્ર યુનિવર્સિટીના સંશોધકોએ ઉષ્ણકટિબંધીય ઘાસ દર્ભને ઇકો-ફ્રેન્ડલી ખોરાક સંરક્ષક ગણાવ્યું. દર્ભ ઘાસના ઇલેકટ્રોનિક માઇક્રોસ્કોપીએ જોરદાર નેનો-પેટર્ન અને વર્ગીકૃત કે માઇક્રો બંધારણ બતાવ્યુ જ્યારે આ બાબત અન્ય ઘાસમાં ન હતી. વર્ગીકૃત સપાટી સુવિધાઓ (હિરૈરેકલ સર્ફેસ ફિચર્સ)માં દર્ભ એક માત્ર એવું ઘાસ હતુ જેણે મોટી સંખ્યામાં બેક્ટેરિયાને આકર્ષતા જોવામાં આવ્યું. આ બેક્ટેરિયા દહીંને જમાવવા માટે જવાબદાર છે. દર્ભનો ઉપયોગ હાનિકારક રાસાયણિક સંચયકો (પ્રિઝર્વેટિવ)ના સ્થાને કુદરતી ખોરાક સંચયક તરીકે કરી શકાય છે. તે સિવાય દર્ભ ઘાસ વર્ગીકૃત નેનો પેટર્ન્સ આરોગ્ય સેવા ક્ષેત્રમાં ઉપયોગી શોધ કરી શકે છે જ્યાં જંતુરહિત સ્થિતિ જરૂરી હોય છે. દર્ભ ઘાસ (ડેસ્મોટાયા બિપિન્નાટા) વૈદિક ગ્રંથોમાં પવિત્ર સામગ્રી તરીકે માનવામાં આવે છે અને ધાર્મિક વિધિમાં પવિત્ર કરતા પદાર્થ તરીકે જણાવાયુ છે. ગ્રહણ દરમિયાન દર્ભ ઘાસને ખાદ્ય વસ્તુઓમાં ઉમેરવામાં આવે છે અને ગ્રહણ પૂર્ણ થયા પછી તેને હટાવી દેવામાં આવે છે. વૈદિક કાળમાં દર્ભ ઘાસનો ઉપયોગ જંતુનાશક તરીકે કરવામાં આવતો હતો કારણ કે તે એક માત્ર એવું ઘાસ હતુ જે ગ્રહણ દરમિયાન જંતુનાશક તરીકે ઉપયોગ કરી શકાતું હતું. ગ્રહણ દરમિયાન ભૂરા અને નીલાતીત કિરણો જે તેના પ્રાકૃતિક અસંક્રમિત પ્રકૃતિ માટે ઓળખવામાં આવે છે, તે પૂરતા પ્રમાણમાં મળતા નથી. પરિણામે, ગ્રહણ દરમિયાન ખાદ્ય ઉત્પાદનોમાં અનિયંત્રિત સૂક્ષ્મ જીવોનો વિકાસ થાય છે. હિન્દુ સંસ્કૃતિમાં આ દર્ભ ઘાસને દૂર્વા (દૂબ)ના નામથી ઓળખવામાં આવે છે.
- ભારતીય ઓલમ્પિક સંઘ (Indian Olympic Association-IOA)ના અધ્યક્ષ એન રામચંદ્રનને રાષ્ટ્રીય ઓલમ્પિક સમિતિ સંઘ (Association of National Olympic Committees -ANOC)ના આંતરરાષ્ટ્રીય સંબંધ પંચના ઉપપ્રમુખ નિયુક્ત કરવામાં આવ્યાં. ANOC અધ્યક્ષ શેખ અલ-ફહદ અલ-સબાહ છે. આંતરરાષ્ટ્રીય ઓલમ્પિક સમિતિ દ્વારા માન્ય 25 ઓલમ્પિક સમિતિઓવાળા 14 સભ્યોના પંચમાં રામચંદ્રન પ્રથમ ભારતીય હશે. ANOCની સ્થાપના 1979માં થઈ હતી અને તેનું મુખ્યમથક સ્વિટ્ઝર્લેન્ડના લાઉસેન્નમાં છે.
- જળ સંરક્ષણ ક્ષેત્રે ભારતમાં નોંધપાત્ર યોગદાન આપવા માટે સામાજીક કાર્યકર રાજેન્દ્રસિંહ વર્ષ 2015 માટે સ્ટોકહોમ વૉટર પ્રાઇઝ માટે નામાંકિત. 'જલ પુરુષ'ના નામથી જાણીતા રાજેન્દ્રસિંહ રાજસ્થાનમાં રહે છે અને ત્યાં જળ સંરક્ષણ સંબંધિત કામ કરે છે. ગ્રામજનો સાથેના તેમના પોતાના પ્રયત્નોથી તેમણે અને તેમના સંગઠને ઘણી નદીઓને પુન:જીવિત કરી છે, જેનાથી

www.crackgpsc.com

ગ્રામજનોને પાણી મળ્યું છે. આ સન્માનને 'પાણી માટે નોબેલ પુરસ્કાર' તરીકે પણ ઓળખવામાં આવે છે. 'સ્ટૉકહોમ વૉટર પ્રાઇઝ' સમિતિના નિર્ણાયકોનું કહેવું છે કે રાજેન્દ્રસિંહની જળ-સંચય પદ્ધતિ સાથે પૂર અને જમીનના ધોવાણનું જોખમ ઘટ્યું છે જેનાથી વન્ય જીવનને પણ લાભ થયો છે. નિર્ણાયકોનું એમ પણ કહેવું છે કે રાજેન્દ્રસિંહની રીતો સરળ અને સસ્તી છે જેને સમગ્ર વિશ્વમાં સ્વીકારવી જોઇએ. 'સ્ટૉકહોમ વૉટર પ્રાઇઝ' ની સ્થાપના સ્ટૉકહોમ (સ્વીડન)માં વર્ષ 1991માં કરવામાં આવી હતી. આ પુરસ્કાર સ્વીડનના રાજકુમાર દ્વારા સ્વીડનના સિટી હૉલમાં દર વર્ષે આપવામાં આવે છે.

- સેબી (Security and Exchange Board of India-SEBI)એ આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્રને મંજૂરી આપી. કોઈ પણ ભારતીય સ્ટૉક એક્સચેન્જ જે સેબી દ્વારા માન્ય હોય અને કોઈ પણ વિદેશી સ્ટૉક એક્સચેન્જ જે તે દેશમાં માન્ય હોય તે આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્રમાં સહાયક સ્ટૉક એક્સચેન્જની સ્થાપના કરી શકે છે. કોઈ પણ સ્ટૉક એક્સચેન્જ 25 કરોડ રૂપિયાની મૂડી સાથે સ્થાપિત કરી શકાય છે. આ મૂડી પહેલાં 100 કરોડ હતી પરંતુ 100 કરોડના આ લક્ષ્યને ત્રણ વર્ષમાં મેળવવું અનિવાર્ય છે. કોઈ પણ ક્લિયરિંગ કૉર્પોરેશનને 50 કરોડ રૂપિયાની મૂડી સાથે સ્થાપિત કરી શકાય છે. આ મૂડી પહેલાં 300 કરોડ હતી પરંતુ 300 કરોડના આ લક્ષ્યને ત્રણ વર્ષમાં પ્રાપ્ત કરવું અનિવાર્ય છે. IFSC (International Financial Service Centres) સ્પેશ્યલ ઇકોનોમિક ઝોન (SEZ) અધિનિયમ 2005 હેઠળ સ્થાપવામાં આવશે. નાણાં મંત્રી અરુણ જેટલીએ તેમના ભાષણમાં પ્રથમ IFSC ગુજરાત ઇન્ટરનેશનલ ફાઇનાન્સ ટેક સિટી (Gujarat International Finance Tech-city, GIFT) અમદાવાદમાં સ્થાપિત કરવાની જાહેરાત કરી હતી.
- શ્રીલંકાના ભૂતપૂર્વ સેના પ્રમુખ સરથ ફોનેસ્કાને દેશના સર્વોચ્ચ લશ્કરી પદ ફિલ્ડ માર્શલના પદથી સન્માનિત કરવામાં આવ્યાં. તેમને આ સન્માન રાષ્ટ્રપતિ મૈથ્રીપાલા શ્રીસેનાએ આતંકવાદ પર જીત મેળવવા બદલ આપવામાં આવ્યું. તેની સાથે જ ફોનેસ્કા ફિલ્ડ માર્શલ બનનાર પ્રથમ શ્રીલંકન સેના અધિકારી બની ગયા. ફોનેસ્કા સંરક્ષક સ્ટાફના ભૂતપૂર્વ પ્રમુખ છે અને હવે તે કોલંબો જીલ્લાથી શ્રીલંકાની સંસદમાં સભ્ય છે. તેમના નેતૃત્વમાં 26 વર્ષ સુધી ચાલેલ શ્રીલંકન નાગરિક યુદ્ધ 2009માં પૂરું થયું જેમાં લિબરેશન ટાઇગર્સ ઑફ તમિલ ઇલમ (Liberation Tiger of Tamil Eelam-LTTE)ના બળવાખોરોને શ્રીલંકાની સેનાએ હરાવ્યા.
- રાજસ્થાનના જયપુરમાં યોજાયેલ આતંકવાદ વિરોધી સંમેલનમાં CBRN (Chemical, Biological, Radiological and Nuclear) આતંકવાદ પર વિચાર વિમર્શ થયો. CBRN આતંકવાદ વૈશ્વિક સ્તરે સાર્વજનિક આરોગ્ય અને સુરક્ષા, રાષ્ટ્રીય સુરક્ષા અને આર્થિક તેમજ રાજકીય સ્થિરતા માટે સ્પષ્ટ ખતરો છે. CBRN આતંકવાદ વિરોધી અભિયાનોમાં સામેલ સુરક્ષા એજન્સીઓ માટે ખૂબ

www.crackgpsc.com

મોટો પડકાર બની ગયો છે કારણ કે સામૂહિક વિનાશ માટે આતંકવાદી ગ્રુપ ટેક્નોલૉજીમાં થઇ રહેલા સતત વિકાસનો પ્રયાસ કરી રહ્યા છે.

☞ CBRN આતંકવાદ: કેમિકલ, બાયોલૉજીકલ, રેડિયોલૉજીકલ એન્ડ ન્યુક્લિયર ટેરરિઝમ (રાસાયણિક, જૈવિક, રેડિયોલૉજીકલ અને પરમાણુ આતંકવાદ)

- મહારાષ્ટ્ર રાજ્ય સરકારે રાજ્યમાં ગુટખાના વેચાણને એક બિનજામીનપાત્ર ગુનો જાહેર કર્યો. તેમાં પોલીસને IPCની કલમ 328 હેઠળ આરોપી સામે કેસ દાખલ કરવાનો નિર્દેશ અપાયો છે જે બિનજામીનપાત્ર છે. હવે ગુટખા વેચનારાઓ સામે ઝેર આપીને મારવાના પ્રયાસના ગુના હેઠળ મુકદ્દમો દાખલ કરવામાં આવશે. આ અપરાધ હેઠળ 10 વર્ષની જેલની સજાની જોગવાઇ છે.
- ભારતીય સિનેમામાં યોગદાન માટે અભિનેતા શશિ કપૂરને ભારતીય સિનેમાના સૌથી મોટા સન્માન દાદાસાહેબ ફાળકે પુરસ્કાર 2014 માટે પસંદ કરવામાં આવ્યા. શશિ કપૂરે તેમની ફિલ્મ કરિયરની શરૂઆત વર્ષ 1948માં બાળ કલાકાર તરીકે ફિલ્મ 'આવારા'થી કરી હતી. શશિ કપૂરે દીવાર, કભી કભી, નમક હલાલ, શાન, જબ-જબ ફૂલ ખીલે, સત્યમ શિવમ સુંદરમ, ત્રિશૂલ, કાલા પત્થર, સિલસિલા જેવી ફિલ્મો સહિત 116 ફિલ્મોમાં અભિનય કર્યો છે. શશિ કપૂર તેમના પિતા પૃથ્વીરાજ કપૂર અને મોટા ભાઈ રાજ કપૂર પછી દાદા સાહેબ ફાળકે પુરસ્કાર મેળવનાર તેમના પરિવારના ત્રીજા સભ્ય છે. શશિ કપૂરનું વાસ્તવિક નામ બલબીર રાજ કપૂર છે. આ પુરસ્કારની શરૂઆત દાદા સાહેબ ફાળકેના જન્મ શતાબ્દી વર્ષ 1969થી થઈ.
- 62મો રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર
  - ☞ શ્રેષ્ઠ હિન્દી ફિલ્મ: ક્વીન (નિર્દેશક: વિકાસ બહલ)
  - ☞ શ્રેષ્ઠ અભિનેત્રી: કંગના રાનૌત (હિન્દી ફિલ્મ ક્વીન)
  - ☞ શ્રેષ્ઠ અભિનેતા: વિજય (કન્નડ ફિલ્મ નાનુ અવનલ્લા અવાલુ)
  - ☞ શ્રેષ્ઠ નિર્દેશક: સૃજિત મુખરજી (બંગાળી ફિલ્મ ચોતુષ્કોને)
  - ☞ સૌથી લોકપ્રિય ફિલ્મ: મેરીકોમ (નિર્દેશક: ઓમંગ કુમાર)
  - ☞ શ્રેષ્ઠ ડૉક્યુમેન્ટરી ફિલ્મ: શપથ
- સુપ્રીમ કૉર્ટે IT એક્ટની કલમ 66A રદ્દ કરી. આ કલમ હેઠળ પોલીસ કોઈ વ્યક્તિની વાંધાજનક ઑનલાઇન કન્ટેન્ટ માટે ધરપકડ કરી શકતી હતી અને આ કેસમાં ત્રણ વર્ષની સજા પણ થઈ શકતી હતી. સુપ્રીમ કૉર્ટે તેના નિર્ણયમાં જણાવ્યું છે કે 'માહિતી ટેક્નોલૉજી અધિનિયમની કલમ 66Aથી લોકોની જાણકારી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાનો અધિકાર સ્પષ્ટ રીતે પ્રભાવિત થાય છે.
- વિશ્વ ક્ષય રોગ દિવસ 24 માર્ચ 2015ના દિવસે ઉજવવામાં આવ્યો. વર્ષ 2015નો મુખ્ય વિષય છે – પહોંચ, સારવાર, દરેકનો ઈલાજ. વર્લ્ડ ટીબી ડે વર્ષ 1882માં ટીબી બેસિલસની શોધ કરનાર ડૉ. રૉબર્ટ કોચના જન્મ દિવસે 24 માર્ચે દર વર્ષે ઉજવવામાં આવે છે. ક્ષય રોગ (ટીબી)

માઇકોબેક્ટેરિયમ ટ્યૂબર ક્લોસિસના કારણે થતો એક ચેપી રોગ છે. ભારતમાં દર બે મિનિટે એક વ્યક્તિ આ બીમારીથી મૃત્યુ પામે છે. વિશ્વમાં દર વર્ષે ક્ષય રોગથી દસ લાખથી વધુ લોકોનાં મૃત્યુ થાય છે.

- ભારતીય કલાકાર ભારતી ખેરને ફ્રાન્સના સર્વોચ્ચ સાંસ્કૃતિક પુરસ્કાર 'નાઇટ ઑફ ધ ઑર્ડર ઑફ આર્ટ્સ એન્ડ લેટર્સ'થી સન્માનિત કરવામાં આવ્યાં. સમકાલીન કલા ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપવા બદલ તેમને આ સન્માન આપવામાં આવ્યું. ભારતી ખેરને ચૌદ ફૂટ ઊંચી મૂર્તિ દ્વારા વાદળી સ્પર્મ વ્હેલના હૃદયને દર્શાવવાના કારણે નામના મળી હતી. ભારતી ખેર ચિત્રકામ, કલાત્મક શિલ્પો બનાવવા માટે જાણીતા છે. ભારતી બિન્દી (ચાંલ્લા)ની સાથે કરેલા નોંધપાત્ર ઉપયોગ માટે જાણીતી છે.
- ફ્રાન્સનો 'નાઇટ ઑફ ધ ઑર્ડર ઑફ આર્ટ્સ એન્ડ લેટર્સ' )Knight of the Order of Art and Letter ) પ્રતિષ્ઠિત પુરસ્કાર કલા, સંસ્કૃતિ અને સાહિત્ય ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપનાર વ્યક્તિઓને આપવામાં આવે છે.
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે મિશન ઇન્દ્રધનુષ માટે મીડિયા અભિયાનની શરૂઆત કરી. મીડિયા અભિયાનમાં જાવેદ અખ્તરે રચેલું એક ગીત પણ સામેલ છે. આ અભિયાન દેશના દરેક બાળકને તમામ રસીથી નિવારી શકાય તેવા રોગોથી બચાવવા અને તેના મહત્વ વિશે જાગૃતિ ફેલાવવા માટે શરૂ કરવામાં આવ્યું. આ અભિયાન 7 એપ્રિલ 2015ના દિવસે વર્લ્ડ હેલ્થ ડે પર શરૂ થશે. આ અભિયાન હેઠળ બે વર્ષથી ઓછી ઉંમરના તમામ બાળકો અને સગર્ભા મહિલાઓને આવરી લેવામાં આવશે. મિશન ઇન્દ્રધનુષનો હેતુ વર્ષ 2020 સુધી એ તમામ બાળકોને આવરી લેવાનો છે, જેમનું સાત રસીથી નિવારી શકાય તેવા રોગો સામે રસીકરણ થયું જ નથી અથવા જેમનું આંશિક રસીકરણ જ થયું હોય. આ સાત રસીથી નિવારી શકાય તેવા રોગોમાં ડિપ્થેરિયા, ઉંટાટિયું, ધનુર્વા, બાળ લકવો, ટીબી, ઓરી અને હિપેટાઇટિસ B સામેલ છે. પ્રથમ તબક્કામાં 'વધુ ફોકસ' વાળા 201 જીલ્લામાં રસીકરણ અભિયાન ચલાવવામાં આવશે. બીજા તબક્કામાં 297 જીલ્લાઓને લક્ષ્યાંકિત કરવામાં આવશે.
- ભારતીય મૂળના અમેરિકન લેખક અને નવલકથાકાર અખિલ શર્માની 'ફેમિલી લાઇફ' નામની નવલકથાએ વર્ષ 2015નો ફોલિયો પુરસ્કાર જીત્યો. લેખકને આ પુસ્તક લખવામાં 13 વર્ષ લાગ્યાં. 'ફેમિલી લાઇફ' અમેરિકામાં વસેલા એક અપ્રવાસી પરિવારની વાર્તા છે. આ પુરસ્કાર બ્રિટનમાં અંગ્રેજી ભાષામાં પ્રકાશિત ફિક્શન શ્રેણીની શ્રેષ્ઠ રચનાઓ માટે આપવામાં આવે છે. 'ફેમિલી લાઇફ'માં દિલ્હીમાં જન્મેલ યુવાન અજયના એક ભારતીય પરિવારની વાર્તા છે જે વધુ સારા જીવનની શોધમાં વિદેશ જાય છે. તેમની શોધ ન્યૂયોર્કના કવીન્સમાં જઈને પૂરી થાય છે. અજયના પરિવારમાં બધું સારી રીતે ચાલતું હોય છે, ત્યારે એક દુખદ ઘટનાથી પૂરું પરિદ્રશ્ય જ બદલાઇ જાય છે.

- ભારતીય પર્યાવરણીય (પરિસ્થિતિ) વૈજ્ઞાનિક માધવ ગાડગિલ અને અમેરિકન વૈજ્ઞાનિક ડૉ. જેન લ્યુબ્ચેંકોને પર્યાવરણીય સિદ્ધિ માટે 2015ના ટાયલર પુરસ્કાર માટે નામાંકિત કરવામાં આવ્યા. તેમને આ પુરસ્કાર સંયુક્ત રાજ્ય અમેરિકા, ભારત સિવાય આંતરરાષ્ટ્રીય સ્તરે પર્યાવરણ સંરક્ષણ અને સ્થિરતાની નીતિઓના વિકાસમાં તેમના નેતૃત્વ માટે આપવામાં આવશે. માધવ ગાડગિલ આ પુરસ્કારથી સન્માનિત થનાર બીજા ભારતીય છે. તેમની પહેલાં ભારતમાં ખેતીની ઉપજમાં સુધારો લાવવામાં યોગદાન બદલ એમએસ સ્વામીનાથનને આ પુરસ્કાર 1991માં એનાયત થયો હતો. પર્યાવરણીય વૈજ્ઞાનિક માધવ ગાડગિલ પશ્ચિમી ઘાટ ઇકોલોજી એક્સપર્ટ પેનલ (Western Ghats Ecology Expert Panel-WGEEP)ના અધ્યક્ષ રહેલ છે. પશ્ચિમી ઘાટના પર્યાવરણીય તંત્રની સુરક્ષા અને તેમાં સ્થાનિક સમિતિઓને સામેલ કરવા વિષેના તેમના ઐતિહાસિક રિપોર્ટ માટે તેમને આ પુરસ્કાર આપવામાં આવ્યો છે. ડૉ. લ્યુબ્ચેંકોને આ પુરસ્કાર 2009થી 2013 દરમિયાન રાષ્ટ્રીય દરિયાઈ અને વાતાવરણીય વહીવટીતંત્ર (National Oceanic and Atmospheric Administration-NOAA)ના વ્યવસ્થાપક તરીકે દરિયાઈ પરિતંત્રના મહત્વ માટે લોકોમાં જાગૃતિ વધારવા માટે આપવામાં આવી રહ્યો છે.

  **ટાયલર પુરસ્કાર**

  ☞ ટાયલર પુરસ્કાર 1973માં સ્થાપવામાં આવ્યો હતો. ટાયલર પુરસ્કાર દર વર્ષે સાઉથર્ન કેલિફોર્નિયા યુનિવર્સિટીના સમર્થનથી આંતરરાષ્ટ્રીય ટાયલર પુરસ્કાર કારોબારી સમિતિ દ્વારા આપવામાં આવે છે. આ પુરસ્કાર પર્યાવરણ વિજ્ઞાન અને નીતિમાં અસામાન્ય દૂરદ્રષ્ટિ અને સમર્પણ માટે આપવામાં આવે છે. આ પુરસ્કારના સ્થાપક જ્હોન અને એલિસ ટાયલર હતા.

- ભારતીય રેલવેએ રુપે પ્રિપેઇડ કાર્ડની શરૂઆત કરી. આ કાર્ડનો ઉપયોગ રેલ મુસાફરો દ્વારા ટિકિટ બુક કરવા અને ખરીદી કરવા માટે કરી શકાશે. આ કાર્ડ યુનિયન બેંક અથવા IRCTCથી મેળવી શકાશે. આ રુપે પ્રિ-પેઇડ કાર્ડ ભારતીય રેલવેની પર્યટન અને (Indian Railway Catering and Tourism Corporation) પેમેન્ટ શાખા IRCTC અને યુનિયન બેંક ઑફ ઇન્ડિયાના સહયોગથી શરૂ કરવામાં આવ્યું છે. રુપે ભારતનું પોતાનું પેમેન્ટ ગેટવે નેટવર્ક છે જે બેંકોના ડેબિટ કાર્ડને સેવા આપવાનો એક વિકલ્પ આપે છે. કાર્ડની શરૂઆતની કિંમત 10,000 નક્કી કરવામાં આવી છે.
- ગુજરાતના રાજ્યપાલ ઓપી કોહલીએ અમદાવાદમાં સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય સ્મારકમાં પોસ્ટ સર્કલની 13મી રાજ્ય સ્તરના ટપાલ ટિકિટ સંગ્રહ પ્રદર્શન ગુજપેક્સ-2015નું ઉદ્ઘાટન કર્યું.
- કેન્દ્ર સરકારે નેતાઓ, સરકારી એજન્સીઓ અને નાગરિકો વચ્ચે સીધી વાતચીત માટે ટ્વિટર સંવાદ નામના એક નવા મંચની શરૂઆત કરી. આ મંચને માઇક્રોબ્લોગિંગ સાઇટ ટ્વિટરના સહયોગથી શરૂ કરવામાં આવ્યો છે. ટ્વિટર સંવાદ મારફતે નાગરિક દૈનિક ધોરણે પોતાના

www.crackgpsc.com

મોબાઇલ ડિવાઇસ દ્વારા SMSના માધ્યમથી સરકારી સંસ્થાઓ સાથે જોડાયેલા રહેશે. આ સેવાની શરૂઆત વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ટ્વિટરના CEO ડિક કોસ્ટલો સાથે નવી દિલ્હીમાં થયેલી મુલાકાત દરમિયાન કરવામાં આવી. આ સેવાનું લક્ષ્ય દેશની ઈ-શાસન યોજનાને પ્રોત્સાહન આપવાનું છે. હાલમાં 16 સરકારી કાર્યાલય જેમાં વડાપ્રધાન કાર્યાલય, રેલ મંત્રાલય અને બેંગલોર પોલીસ સામેલ છે, ટ્વિટર સંવાદથી જોડાયેલા છે. તે સાથે જ આંધ્રપ્રદેશ, ગુજરાત, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી પણ તેમાં જોડાયેલ છે. અત્યારે તેનું સંચાલન બેંગલોરની કંપની ઝિપ ડાયલ દ્વારા કરવામાં આવી રહ્યુ છે જેને ટ્વિટર દ્વારા હસ્તગત કરવામાં આવ્યુ છે.

- ડૉલી શિવાની ચેરૂકુરી તીરંદાજી સ્પર્ધામાં 5 થી 7 મીટર દૂરના અંતરની સ્પર્ધામાં 200 અંક મેળવનાર ભારતની સૌથી **નાની** ઉંમરની તીરંદાજ બની. રેકોર્ડ્ઝ બનાવતી વખતે તેની ઉંમર 2 વર્ષ 11 મહિના 21 દિવસ હતી. ડૉલીના પિતા ચેરુકુરી સત્યનારાયણ તીરંદાજી અકાદમી ચલાવે છે.
- હિન્દી કવિ અને અનુવાદક દિનકર કુમારની રશિયાના આંતરરાષ્ટ્રીય પુશ્કિન સન્માન 2012 માટે પસંદગી કરવામાં આવી. દિનકર કુમારના ચાર કવિતા સંગ્રહ, બે નવલકથા, બે આત્મકથાઓ અને આસામી ભાષાનાં પચાસથી વધુ પુસ્તકોનો અનુવાદ પ્રકાશિત થઇ ચુક્યો છે. દિનકર કુમાર ગુવાહાટી (આસામ)માં પ્રકાશિત થતા દૈનિક સેન્ટિનલના સંપાદક છે.
- રશિયાના 'ભારત મિત્ર સમાજ' તરફથી દર વર્ષે હિન્દીના એક પ્રસિદ્ધ કવિ-લેખકને મોસ્કોમાં હિન્દી- સાહિત્યનું આ મહત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય સન્માન આપવામાં આવે છે.
- એશિયન ડેવલપમેન્ટ બેંકે વાર્ષિક રિપોર્ટ 'એશિયન ડેવલપમેન્ટ આઉટલુક 2015' (Ȧ ian Development Outlook 2015) જારી કર્યો. ADBએ તેમાં અંદાજ લગાવ્યો છે કે ભારતનો વૃદ્ધિ દર ચીનના વૃદ્ધિ દર કરતાં વધીને નાણાકીય વર્ષ 2015-16 દરમિયાન 7.8% અને નાણાકીય વર્ષ 2016-17માં તે 8.2% થઈ જશે. ભારત આગામી થોડાં વર્ષોમાં ચીન કરતાં વધુ ઝડપથી વૃદ્ધિ નોંધાવશે.
- ભારતની સૌથી વૃદ્ધ મહિલા રોસા એલિસ કુંજનનામ એન્ટની (Rȯ a aliȧ Kunjannam)નું અવસાન થયું.
- ભારતના અમિતાવ ઘોષને બીજી વખત મેન બુકર ઇન્ટરનેશનલ પુરસ્કાર (2015) માટે ચૂંટાયેલા છેલ્લા 10 લેખકોની યાદીમાં સામેલ કરવામાં આવ્યા. મેન બુકર ઇન્ટરનેશનલ પુરસ્કાર 2015 માટે ચૂંટાયેલા છેલ્લા 10 લેખકોની યાદીમાં સામેલ તે એક માત્ર ભારતીય લેખક છે. અંગ્રેજી ભાષાના લેખનમાં યોગદાન આપવા માટે તેમને આમાં સામેલ કરવામાં આવ્યા.

**મેન બુકર ઇન્ટરનેશનલ પુરસ્કાર**

www.crackgpsc.com

☞ આ પુરસ્કાર દર બે વર્ષે કોઈ એક લેખકને આપવામાં આવે છે જેમનું પુસ્તક મૂળ સ્વરૂપે અંગ્રેજી ભાષામાં પ્રકાશિત થયું હોય અથવા તેમના કાર્યનું અંગ્રેજીમાં ભાષાંતર થયું હોય. પુરસ્કાર રકમ તરીકે લેખકને 60 હજાર પાઉન્ડ (લગભગ 56 લાખ રૂપિયા)ની ધનરાશિ આપવામાં આવે છે. મેન બુકર ઇન્ટરનેશનલ પુરસ્કાર દર વર્ષે કોઈ એક કથા (Fiction) માટે આપવામાં આવતા મેન બુકર પુરસ્કારથી અલગ છે. મેન બુકર ઇન્ટરનેશનલ પુરસ્કાર સાહિત્યિક શ્રેષ્ઠતા માટે કોઈ લેખકને આપવામાં આવે છે. જો અમિતાવ ઘોષ આ પુરસ્કાર જીતવામાં સફળ થાય, તો તે સલમાન રશ્દી, અરુંધતિ રૉય, કિરણ દેસાઈ અને અરવિંદ અડિગ પછી પાંચમા ભારતીય હશે.

- ઑસ્ટ્રેલિયા નેશનલ યુનિવર્સિટી (Australian National University-ANU)ના વૈજ્ઞાનિકોએ ઑસ્ટ્રેલિયાના વરબર્ટોન બેસિનમાં વિશ્વનો સૌથી મોટો લઘુગ્રહથી અસર પામેલો વિસ્તાર મળી આવ્યો. અસર પામેલા ક્ષેત્રનો વિસ્તાર 400 કિલોમીટર (અંદાજે 250 માઇલ) સુધીનો છે. તેની પહેલાં સૌથી મોટો લઘુગ્રહથી અસર પામેલો વિસ્તાર દક્ષિણ આફ્રિકા વ્રેડેફોર્ટ ક્રેટર હતો. તેનો વ્યાસ 380 કિલોમીટર (236 માઇલ) હતો. તે લઘુગ્રહની ધરતીને અથડાવાની ઘટના 2023 મિલિયન વર્ષ પહેલાંની માનવામાં આવે છે. તે અથડાવાથી ઉત્પન્ન થયેલા ક્રેટર વિશ્વનો સૌથી જૂનો જ્ઞાત ક્રેટર મનાય છે.
- સંયુક્ત રાષ્ટ્ર અમેરિકાના રાષ્ટ્રપતિ બરાક ઓબામા વર્ષ 2015ના અંત સુધી અફ્ઘાનિસ્તાનથી સેનાને પાછી લાવવાની પ્રક્રિયાને ધીમી કરવા માટે સંમત થયા.
- ખાદ્ય પ્રક્રિયા ઉદ્યોગ મંત્રાલયે 17 મેગા ફૂડ પાર્ક (Mega Food Park -MFP)ને મંજૂરી આપી. ફૂડ પાર્કના નિર્માણનો હેતુ ખાદ્ય અપવ્યયને ઓછો કરવાનો અને ખાદ્ય પ્રક્રિયા ક્ષેત્રને પ્રોત્સાહન આપવાનો છે. 17 નવા મેગા ફૂડ પાર્કોથી અત્યાધુનિક મૂળભૂત માળખામાં લગભગ 2000 કરોડ રૂપિયાના રોકાણનો અંદાજ છે. 17 મેગા ફૂડ પાર્કો પર 2300 કરોડ રૂપિયાનો ખર્ચ થશે. તેમાંથી 850 કરોડ રૂપિયા કેન્દ્ર સરકાર ભંડોળ તરીકે આપશે. 4000 કરોડ રૂપિયાનું રોકાણ આ પાર્કોમાં શરૂ કરાયેલ ફૂડ પ્રોસેસિંગ એકમો કરશે. સરકાર દ્વારા અત્યાર સુધી 42 મેગા ફૂડ પાર્કોને મંજૂરી આપવામાં આવી છે.

### મેગા ફૂડ પાર્ક યોજના (MFPs)

☞ આ યોજના UPA સરકાર દ્વારા વર્ષ 2008માં શરૂ કરવામાં આવી હતી. તેનો હેતુ ખેડૂતો, પ્રક્રિયકો, છૂટક વેચાણકારોને એક સાથે લાવીને ખેતી ઉત્પાદનોને બજાર સાથે જોડવાનો છે જેથી ઉત્પાદનોની મહત્તમ કિંમત મળી રહે, ખેડૂતોની આવકમાં વધારો થાય તેમજ તમામ ક્ષેત્રો, ખાસ કરીને ગ્રામીણ ક્ષેત્રોમાં રોજગારની તકોમાં વૃદ્ધિ થઇ શકે. કેન્દ્ર સરકાર એક મેગા ફૂડ પાર્ક સ્થાપિત કરવા માટે 50 કરોડ રૂપિયાની નાણાકીય સહાય આપે છે.

www.crackgpsc.com

- કેન્દ્રિય વિજ્ઞાન, ટેક્નોલૉજી તેમજ પૃથ્વી વિજ્ઞાન મંત્રી ડૉ. હર્ષવર્ધને સ્વદેશ નિર્મિત રિમોટ નિયંત્રિત ધ્રુવીય વ્હિકલ રાષ્ટ્રને સમર્પિત કર્યું. તેનાથી દેશમાં ચોમાસાની આગાહી કરવાની ક્ષમતામાં વૃદ્ધિ થશે. સ્વદેશ નિર્મિત રિમોટ નિયંત્રિત ધ્રુવીય વ્હિકલ ત્યાં પણ જઈ શકશે જ્યાં જવામાં હજુ મનુષ્ય સક્ષમ નથી. આ રિમોટ નિયંત્રિત વ્હિકલનો વિકાસ એન્ટાર્કટિકામાં આપણા વૈજ્ઞાનિકોએ ખૂબ જ વિપરીત હવામાનવાળા ધ્રુવીય પ્રદેશમાં કર્યો.
- ભારતીય નૌકાદળે ત્રણ ISV (Immediate Support Vessel) ISV T-38, ISV T-39, ISV T-40નું આંધ્ર પ્રદેશના વિશાખાપટ્ટનમના નૌકાદળ ડૉકયાર્ડ પર જલાવતરણ કર્યું. ત્રણેય ISV ભારે મશીન ગન્સ (Heavy Machine Guns, HMG) ધરાવે છે અને તેમાં અત્યાધુનિક રડાર અને નેવીગેશન સાધનો પણ લગાવેલાં છે. ISV ભારતીય નૌકાદળનું હલકું નિરીક્ષણ જહાજ છે, જેને કઠિનમાં કઠિન પરિસ્થિતિઓમાં કમાન્ડોને લાવવા લઈ જવા માટે ડિઝાઇન કરવામાં આવ્યુ છે. આ જહાજ દિવસ અને રાત બંને સમયે દેખરેખ રાખવામાં સક્ષમ છે.
- NDMA (National Disaster Management Authority)ની ઉચ્ચ સ્તરની સમિતિ (High Level Committee-HLC)એ મહારાષ્ટ્રમાં દુકાળગ્રસ્ત પ્રદેશો માટે 2000 કરોડ રૂપિયા મંજૂર કર્યાં. રાજ્યના પૂર્વીય ભાગનો વિદર્ભ વિસ્તાર સૌથી વધુ દુકાળની સ્થિતિથી પ્રભાવિત છે.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બહુહેતુક અને મલ્ટી મોડલ પ્લેટફૉર્મ 'પ્રગતિ' ની શરૂઆત કરી. PRAGATI) Pro-Active Governance And Timely Implementation( પોર્ટલે વડાપ્રધાન કાર્યાલયના હાલના પબ્લિક વેબ ઇન્ટરફેસનું સ્થાન લીધું.

  **હેતુ:** તેનો હેતુ સામાન્ય લોકોની ફરિયાદોનું સમાધાન કરવાની સાથે ભારત સરકારના મહત્વના કાર્યક્રમ અને યોજનાઓ તથા રાજ્ય સરકારની યોજનાઓની દેખરેખ અને સમીક્ષા કરવાનો છે.

### પ્રગતિ એપ્લીકેશનની મુખ્ય વિશેષતાઓ

- ☞ આ ત્રણ સ્તરીય (PMO, કેન્દ્ર સરકારના સચિવો અને રાજ્યોના મુખ્ય સચિવો) સિસ્ટમ છે.
- ☞ વડાપ્રધાન માસિક કાર્યક્રમમાં વીડિયો કોન્ફરન્સ દ્વારા ભારત સરકારના સચિવો અને રાજ્યોના મુખ્ય સચિવો સાથે વાતચીત કરશે.
- ☞ આવો પ્રથમ કાર્યક્રમ 25 માર્ચ 2015ના દિવસે યોજાયો.
- ☞ આ કાર્યક્રમ દર મહિનાના ચોથા બુધવારે 3:30 વાગ્યે થશે. તેને પ્રગતિ દિવસ કહેવામાં આવશે.
- ☞ લેવામાં આવેલ કેસ પ્રગતિ દિવસ એટલે કે દર મહિનાના ત્રીજા બુધવારથી સાત દિવસ પહેલાં અપલોડ કરવામાં આવે છે.

www.crackgpsc.com

- ☞ એપ્લીકેશનના ઉપયોગની સાથે જ કેન્દ્ર સરકારના વિવિધ સચિવ અને રાજ્યોના મુખ્ય સચિવ કેસને જોઈ શકે છે.
- ☞ કેન્દ્ર સરકારના વિવિધ સચિવો અને રાજ્યોના મુખ્ય સચિવોને કેસ સામે આવ્યાના ત્રણ દિવસની અંદર કેસ પર પોતાનું મંતવ્ય અને કાર્યવાહીની જાણકારી આપવી પડશે.
- ☞ પ્રગતિ પોર્ટલ દ્વારા સંબંધિત વિભાગમાં જે રીતે ભ્રષ્ટાચાર થઇ રહ્યો છે તેની ફરિયાદ નોંધાવી શકાય છે.
- ☞ પ્રગતિ પહેલાં ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહના શાસનકાળમાં 'PMO રીપીગ્રામ્સ'ના નામથી પોર્ટલ ચલાવવામાં આવતું હતું. તેમાં ભ્રષ્ટાચારનું કૉલમ બનાવવામાં આવ્યુ હતું.
- ☞ દેશમાંથી ભ્રષ્ટાચાર દૂર કરવામાં પોર્ટલ પ્રગતિ મુખ્ય ભૂમિકા ભજવી શકે છે. આ સાથે જ વડાપ્રધાનનો આ પ્રયત્ન કેન્દ્રની યોજનાઓને વેગ આપવા અને તેને સમયસર પૂરી કરવાની દિશામાં અર્થપૂર્ણ પગલું સાબિત થઇ શકે છે.

- ગૂગલ ઇન્કે રૂથ પોરાટને ચીફ ફાયનાન્સીયલ ઓફિસર (CFO) નિયુક્ત કર્યાં. તે પેટ્રિક પિશેટનું સ્થાન લેશે. હાલમાં પોરાટ વૈશ્વિક રોકાણ બેંક મોર્ગન સ્ટેનલીનાં CFO છે.
- વિક્રમજીતસિંહ ઓબેરોયને EIH લિમિટેડના MD નિયુક્ત કરવામાં આવ્યા. EIH લિમિટેડ ઓબેરોય ગૃપ હેઠળ આવતી ઓબેરોય હોટલનું સંચાલન કરતી કંપની છે. ઓબેરોય ગૃપ વિશ્વમાં પોતાની હોટલ શ્રેણીઓ માટે જાણીતું છે.
- લિકુડ પાર્ટીના બેન્જામિન નેતન્યાહુએ વર્ષ 2015ના દિવસે ઇઝરાયેલની સામાન્ય ચૂંટણીમાં જીત મેળવી.
- ચીને પ્રદૂષણમાં ઘટાડો કરવાના હેતુથી 845 મેગાવોટ (Megawatt)ના તેના અંતિમ કોલસા આધારિત પાવર પ્લાન્ટને બંધ કરવાની જાહેરાત કરી છે. આ પાવર પ્લાન્ટ બેઇજિંગમાં આવેલો છે. આ પાવર પ્લાન્ટને હવે ગેસ આધારિત પાવર પ્લાન્ટ તરીકે રૂપાંતરિત કરવામાં આવશે. આ પહેલાં ચીન ત્રણ કોલસા આધારિત પાવર પ્લાન્ટને બંધ કરી ચૂક્યુ છે.
- ભારત અને ચીનના વિશેષ પ્રતિનિધિઓએ સરહદ મુદ્દા પર  નવી દિલ્હીમાં 18મા તબક્કાની મંત્રણા  કરી. સરહદ વિવાદનો સુખદ ઉકેલ મળે ત્યાં સુધી ભારત અને ચીને હિમાલયની સરહદ પર શાંતિ જાળવી રાખવા સહમતિ દર્શાવી. બંને તરફથી આતંકવાદ, દરિયાઈ સુરક્ષા, આબોહવા પરિવર્તન, સંયુક્ત રાષ્ટ્ર અને નાગરિક પરમાણુ ઊર્જા સહકારમાં સુધારાઓ પર ચર્ચા કરવામાં આવી.
- જર્મનવિંગ્સ એરબસ A320નું એર પ્લેન 4U 9525 ફ્રેન્ચ આલ્પ્સમાં ડિગ્ને અને બાર્સેલોનેટની વચ્ચે દુર્ઘટનાગ્રસ્ત થઇ ગયું. દુર્ઘટનામાં તમામ 144 મુસાફરો અને ચાલક દળના 6 સભ્યોનાં મૃત્યુ થયાં. અકસ્માતનું કારણ જાણી શકાયું નથી.

www.crackgpsc.com

- ભારત અને કતારે બંને દેશો વચ્ચે વેપાર અને આર્થિક લેવડ-દેવડ વધારવા માટે છ કરાર પર હસ્તાક્ષર કર્યાં. કતારના અમીર શેખ તમીમ બિન હમદ અલ થાની ભારતની બે દિવસની સરકારી મુલાકાત પર હતા. છ કરાર: (1) સજા પામેલ કેદીઓનું આદાન-પ્રદાન (2) માહિતી અને સંદેશાવ્યવહાર ટેક્નોલૉજીના ક્ષેત્રમાં સહકાર (3) ભારતના પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય અને કતારના હવામાન વિભાગ વચ્ચે વાતાવરણીય અને દરિયાઈ વિજ્ઞાન ક્ષેત્રમાં સહકાર (4) વિદ્યાર્થીઓ, શિક્ષકો અને નિષ્ણાતોના વિનિમય માટે અને રાજદ્વારીઓના તાલીમ કાર્યક્રમોના માળખા અને અભ્યાસક્રમ વિશે માહિતીની આપ-લે માટે સમજૂતી (5) રેડિયો અને ટેલીવિઝન ક્ષેત્રમાં સહકાર (6) દેશની મુખ્ય સંવાદ એજન્સી યુનાઇટેડ ન્યૂઝ ઑફ ઇન્ડિયા (United News of India-UNI) અને કતાર ન્યૂઝ એજન્સી (Qatari News Agency-QNA) વચ્ચે સમાચારોની આપ-લે માટે સમજૂતી.
- સુપ્રસિદ્ધ ગીતકાર અને કવિ ગોપાલદાસ નીરજને મધ્યપ્રદેશ સરકાર દ્વારા પ્રથમ રાષ્ટ્રીય કવિ પ્રદીપ સન્માનથી સન્માનિત કરવામાં આવ્યા. મધ્યપ્રદેશ શાસન દ્વારા સ્થાપિત આ પ્રથમ રાષ્ટ્રીય કવિ પ્રદીપ સન્માન છે.
- ઉષા ઇન્ટરનેશનલ લિમિટેડે 6ઠા વાર્ષિક ફ્લેમ પુરસ્કાર 2015નો સુવર્ણ પુરસ્કાર જીત્યો. ઉષા ઇન્ટરનેશનલ લિમિટેડનું નાનાં શહેરો અને ગામોમાં તેની ગ્રામીણ બજારીકરણની પહેલ માટે સન્માનિત કરવામાં આવ્યું. ઉષા ઇન્ટરનેશનલ લિ. સંપર્ક યોજના મારફતે ચાર લાખથી વધુ પરિવારો સુધી પહોંચી ગઇ છે.
- રેલ મંત્રાલયે રેલવે બોર્ડના હાલના પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ (PPP) એકમના કામકાજની સમીક્ષા માટે નિવૃત્ત IAS અધિકારી અજય શંકરના નેતૃત્વમાં સમિતિની રચના કરવાનો નિર્ણય કર્યો.
- સાઉદી અરેબિયાએ યમનમાં હાઉતી વિદ્રોહીઓ સામે લશ્કરી અભિયાન શરૂ કર્યું. હાઉતી વિદ્રોહીઓના પ્રભાવથી યમનના રાષ્ટ્રપતિ અબ્દુરાબુહને પહેલાંથી જ યમન છોડીને ભાગવું પડ્યું છે. આ લશ્કરી અભિયાનને અન્ય નવ દેશોના સહયોગથી ચલાવવામાં આવશે.
- ભારતના ઉપરાષ્ટ્રપતિ મોહમ્મદ હામિદ અન્સારીએ પ્રો. દીપક નાયર દ્વારા લખાયેલ પુસ્તક 'ફેસિસ એન્ડ પ્લેસિસ' (Faces and Places)નું વિમોચન કર્યું.
- ફોર્બ્સ મિડાસ 2015ની શ્રેષ્ઠ સાહસિક મૂડી રોકાણકારોની યાદીમાં 11 ભારતીય અમેરિકન પણ સામેલ છે. આ લોકો એ વેપારીઓમાંથી છે જેઓ તકને ઓળખવામાં નિષ્ણાત છે. આ લોકો તે વેપાર પર દાવ લગાવે છે જે શરૂઆતમાં ભલે ઓછા નફાવાળો લાગે, પરંતુ પછીથી અત્યંત નફો આપે છે. ફોર્બ્સની જાદુઇ મૂડી રોકાણકારોની યાદીમાં સતત બે વખતથી ટોચ પર રહેતા રોકાણકાર જિમ ગોએટ્ઝ છે, જેમણે વોટ્સએપમાં સંસ્થાકીય રોકાણ કર્યુ હતું. ફોર્બ્સ અનુસાર જિમને વોટ્સએપમાં રોકાણથી 3 અબજથી વધુ ડૉલરનો નફો થયો. આ યાદીમાં ટોચના

ભારતીય અમેરિકન રોકાણકાર 49 વર્ષના અનિલ ભૂસરી છે, જે વર્કડેના મુખ્ય કાર્યકારી અને સહ સ્થાપક છે. વર્કડે એક ક્લાઉડ આધારિત નાણાકીય અને માનવ સંસાધન સૉફ્ટવેર કંપની છે. તે ફોર્બ્સની 100 લોકોની યાદીમાં 17મા સ્થાને છે અને તેમની પાસે 1.22 અબજ ડૉલરની મિલકત છે.

- કેન્દ્રિય કાપડ રાજ્ય મંત્રી સંતોષ કુમાર ગંગવારે પૂર્વોત્તર પ્રદેશમાં જીઓ-ટેક્સટાઇલના ઉત્પાદન માટે 430 કરોડ રૂપિયાની યોજનાની જાહેરાત કરી.
- આંતરરાષ્ટ્રીય ગુલામ પીડિત સ્મરણ દિવસ અને ટ્રાન્સ એટલાન્ટિક ગુલામ વેપારના દિવસે સંયુક્ત રાષ્ટ્ર મહાસચિવ બાન કી-મૂન અને મહાસભાના અધ્યક્ષ સેમ કુટેસાએ 'આર્ક ઑફ રિટર્ન'નું ઉદઘાટન કર્યું. અમેરિકન આર્કિટેક્ટ રોડની લિઓને ડિઝાઇન કરાયેલા સ્મારકનો હેતુ ગુલામ વેપારની દુ:ખદ પરંપરા પર પ્રકાશ પાડવાનો છે જેના કારણે ચાર સદીઓ સુધી 1.5 કરોડ આફ્રિકનો માનવ અધિકારોથી દૂર થયા અને તેમના સન્માનને ઠેસ વાગી. ભારતે એટલાન્ટિક મહાસાગર પાર ગુલામ વેપાર અને ગુલામી પ્રથાનો ભોગ બનેલા લોકોની યાદમાં સંયુક્ત રાષ્ટ્ર મુખ્યાલયમાં બનાવવામાં આવેલા આ સ્થાયી સ્મારક માટે 260,000 ડૉલરનું યોગદાન આપ્યુ છે.
- નૉર્વેની વિજ્ઞાન અને સાહિત્ય અકાદમી દ્વારા જ્હોન એફ નેશ જુનિયર અને લુઇસ નિરેનબર્ગ ને 2015ના 'એબેલ' પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા.

**એબેલ પુરસ્કાર**

☞ એબેલ પુરસ્કાર નૉર્વેના જાણીતા ગણિતશાસ્ત્રી નીએલ્સ હેનરિક એબેલ ની યાદમાં આપવામાં આવે છે. તેમને 'એલેપ્ટિક ફંક્શન' નામના તેમના ગાણિતિક સિદ્ધાંત માટે ઓળખવામાં આવે છે. તે સિવાય તેમણે 'અનંત શ્રેણી'ના સિદ્ધાંતના વિકાસમાં મહત્વનું યોગદાન આપ્યુ હતું. ગણિતનો નોબલ માનવામાં આવતો આ પુરસ્કાર ગણિત ક્ષેત્રે અસામાન્ય સિદ્ધિઓ માટે આપવામાં આવે છે. આ પુરસ્કારની સ્થાપના 2001માં કરવામાં આવી. પહેલો એબેલ પુરસ્કાર ફ્રાન્સના ગણિતશાસ્ત્રી જીન-પિયરે સેરે ને 2003માં આપવામાં આવ્યો હતો. 2007માં ભારતીય મૂળના અમેરિકન ગણિતશાસ્ત્રી એસ.આર. શ્રીનિવાસન વર્ધાનને આ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવેલા.

- ટીસી ગોયલ DLF લિમિટેડના વ્યવસ્થાપક નિર્દેશક પદેથી નિવૃત્ત. તેમણે કંપનીના નિર્દેશક પદેથી પણ રાજીનામું આપ્યું. ટીસી ગોયલની નિવૃત્તિ પછી કંપનીની બાબતો માટેની સંયુક્ત જવાબદારી મોહિત ગુજરાલ અને રાજીવ તલવારની રહેશે. ટીસી ગોયલ ટીમને સલાહ આપવા તેમજ નેતૃત્વ અને માર્ગદર્શન કરવા માટે ચીફ મેન્ટર તરીકે કંપની સાથે જોડાયેલા રહેશે.
- રેલવે મંત્રી સુરેશ પ્રભુએ આસામમાં લુમડિંગથી સિલચર સુધી પ્રથમ માલગાડીને રવાના કરી. કેન્દ્ર સરકારની વર્ષ 2020 સુધી પૂર્વોત્તરની તમામ આઠ રાજ્યોની રાજધાનીઓને રેલવે નેટવર્ક

સાથે જોડાવાની યોજના છે. 210 કિલોમીટર લુમડિંગ-સિલચર ગેજ કન્વર્ઝન સેક્શન આસામની બરાક ઘાટીને દેશના અન્ય હિસ્સાથી જોડે છે.

- વાણિજ્ય અને ઉદ્યોગ રાજ્યમંત્રી નિર્મલા સીતારમણે મિઝોરમના ચમ્ફાઈ જીલ્લાના ઝોખાવ્થારમાં ભારત-મ્યાનમાર સીમા વેપાર કેન્દ્રમાં એક ભૂમિ સીમા શુલ્ક સ્ટેશનનું ઉદઘાટન કર્યું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર પૂર્વોત્તર રાજ્યોમાં વિકાસને ઝડપથી વધારવા માગે છે.
- કેરલના નાણા મંત્રી કેએમ મણિને GST (Good and Service Tax ) લાગુ કરવા માટેની રાજ્યોના નાણા મંત્રીઓની અધિકારયુક્ત સમિતિના અધ્યક્ષ નિયુક્ત કરવામાં આવ્યા. કેએમ મણિએ જમ્મુ કાશ્મીરના ભૂતપૂર્વ નાણાં મંત્રી અબ્દુલ રહિમ રાદેરનું સ્થાન લીધું. રાજ્યોના નાણા મંત્રીઓની અધિકારયુક્ત સમિતિની શરૂઆત ભારત સરકાર દ્વારા 17 જુલાઈ 2000ના દિવસે કરવામાં આવી હતી.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્રિય મંત્રીમંડળે ઈ-ક્રાંતિ: રાષ્ટ્રીય ઈ-શાસન યોજના (Cabinet of the National e-Governance Plan-NeGP) 2.0ના દ્રષ્ટિકોણ અને મુખ્ય ઘટકોને મંજૂરી આપી. ઈ-ક્રાંતિ ડિજિટલ ભારત કાર્યક્રમની એક મહત્વનો આધારસ્તંભ છે. ઈ-ક્રાંતિનું વિઝન છે: ગવર્નેન્સના કાયાકલ્પ માટે ઈ-ગવર્નેન્સનું કાયાકલ્પ.
- ચીન અને શ્રીલંકાએ બંને દેશો વચ્ચે પરસ્પર ભાગીદારીને મજબૂત કરવાના હેતુથી પાંચ કરાર પર હસ્તાક્ષર કર્યા. આ કરાર શ્રીલંકાના રાષ્ટ્રપતિ મૈત્રીપાલ શ્રીસેનની પ્રથમ ચીન મુલાકાત દરમિયાન બેઇજિંગમાં થયા.
- મિઝોરમના ભૂતપૂર્વ મુખ્યમંત્રી બ્રિગેડિયર થેનફુન્ગા સેલો (Thenphunga Sailo)નું અવસાન. બ્રિગેડિયર સેલોએ ભારતીય સેનામાંથી 1974માં સેવાનિવૃત્ત થયા પછી માનવ અધિકાર સમિતિની રચના કરી, જેથી આતંકવાદથી પીડિત મિઝોરમના લોકોની મદદ કરી શકાય. તેમણે 1975માં મિઝોરમ પીપલ્સ કોન્ફ્રેંસની સ્થાપના કરી જેણે વર્ષ 1977ની ચૂંટણીમાં સફળતા મેળવી. બ્રિગેડિયર સેલો મિઝો સમુદાયના પ્રથમ ભારતીય લશ્કરી અધિકારી હતા.
- ઑસ્ટ્રેલિયાની વન ડે ક્રિકેટ ટીમના કેપ્ટન માઇકલ ક્લાર્કે ઇન્ટરનેશનલ વન ડે ક્રિકેટમાંથી સંન્યાસ લેવાની ઘોષણા કરી. વર્લ્ડ કપ 2015ની ફાઇનલમાં ન્યુઝિલેન્ડ સામે 74 રન બનાવવા સાથે જ માઇકલ ક્લાર્કની વન ડે ક્રિકેટ કેરિયર સમાપ્ત થઈ. ઑસ્ટ્રેલિયાએ ન્યુઝિલેન્ડને સાત વિકેટથી હરાવી ICC ક્રિકેટ વર્લ્ડ કપ 2015નો ખિતાબ જીત્યો. તે સાથે જ માઇકલ ક્લાર્ક ઑસ્ટ્રેલિયા માટે વર્લ્ડ કપ જીતનારા ચોથા કેપ્ટન બની ગયા.
- ઑસ્ટ્રેલિયાના ફાસ્ટ બોલર મિશેલ સ્ટાર્કને આઠ મેચમાં 22 વિકેટ મેળવવા બદલ ICC વન ડે ક્રિકેટ વર્લ્ડ કપ-2015ના 'પ્લેયર ઑફ ધ ટુર્નામેન્ટ'થી પુરસ્કૃત કરવામાં આવ્યા.

www.crackgpsc.com

- ICCએ તેમની નવી 12 સભ્યોની વર્લ્ડ કપ ક્રિકેટ ટીમની જાહેરાત કરી. આ વખતે આ ટીમમાં કોઈ પણ ભારતીયને સ્થાન ન મળ્યું. ન્યુઝિલેન્ડના કેપ્ટન અને ઓપનર બેટ્સમેન બ્રેન્ડન મેકકુલમને ICC વર્લ્ડ કપ ટીમના કેપ્ટન તરીકે પસંદ કરવામાં આવ્યા. આ ટીમમાં ક્રિકેટ ન્યુઝિલેન્ડના પાંચ ખેલાડી, જ્યારે ઑસ્ટ્રેલિયન ટીમના માત્ર ત્રણ ખેલાડીઓને સ્થાન મળ્યું. શ્રીલંકાના કુમાર સંગાકારાને વિકેટ કીપર તરીકે ટીમમાં સામેલ કરવામાં આવ્યા.
- ફૉર્ચ્યુન મેગેઝિને વિશ્વના 50 સૌથી મહાન નેતાઓની યાદીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને નોબેલ પુરસ્કારથી સન્માનિત કૈલાશ સત્યાર્થીને સામેલ કર્યાં. યાદીમાં વડાપ્રધાન મોદી પાંચમા અને સત્યાર્થી 28મા સ્થાને છે. યાદીમાં પ્રથમ સ્થાને એપ્પલના CEO ટિમ કૂક છે. અમેરિકન રાષ્ટ્રપતિ બરાક ઓબામાને સતત બીજા વર્ષે પણ આ યાદીમાં સ્થાન મળ્યુ નથી.
- ભૂતપૂર્વ કેન્દ્રિય મંત્રી અને કોંગ્રેસ પાર્ટીના નેતા પાટી રિપલ કિન્દિયાનું અવસાન થયું. તેઓ UPA 1 સરકાર હેઠળ પૂર્વોત્તર પ્રદેશ વિકાસના મંત્રી અને કેન્દ્રિય જનજાતિ બાબતોના મંત્રી હતા. તેઓ મેઘાલયના રાજકારણમાં એક પ્રમુખ વ્યક્તિ હતા.
- ભારત અને એશિયન વિકાસ બેંકે (Asian Development Bank-ADB) ઉત્તર બંગાળ – પૂર્વોત્તર (NB-NE) પ્રદેશમાં રોડ કનેક્ટિવિટીને સુધારવા માટે 300 મિલિયન અમેરિકન ડૉલરનો કરાર કર્યો. આ લૉન 500 મિલિયન અમેરિકન ડૉલરના SRCIP (SASEC Road Conneશ્રivitઙ્ર Investment Program) નો પ્રથમ તબક્કો છે. આ કાર્યક્રમ હેઠળ NB-NE પ્રદેશમાં લગભગ 500 કિલોમીટર સડક નિર્માણ કરવામાં આવશે. SRCIP નો હેતુ SASEC (Soutરુ Á ia Sub regional Economic Cooperation) ગ્રુપ વચ્ચે ભારતના NB-NE પ્રદેશમાં રોડ કનેક્ટિવિટીમાં સુધારો કરી પ્રાદેશિક એકીકરણ કરવાનો છે. આ ગ્રુપના સભ્ય છે બાંગ્લાદેશ, ભૂટાન, ભારત અને નેપાળ.
- દિલ્હી સરકારે ભારતની પ્રથમ ઈ-રેશન કાર્ડ સેવાની શરૂઆત કરી. આ સેવામાં ઈ રેશન કાર્ડ આધાર કાર્ડથી લિંક કરવામાં આવશે અને તે PDS (Publiશ્ર Di tribution Sર્ઙ્ર tem)ના લાભાર્થીઓને સરકારની વેબ પોર્ટલથી કોઈ પણ અવરોધ વિના ઑનલાઇન કાર્ડ મેળવવામાં સક્ષમ બનાવશે. નવી સેવાથી ભ્રષ્ટાચારને ઓછો કરવા અને સિસ્ટમમાં પારદર્શકતા વધારવાની અપેક્ષા છે.
- હૉકી ઇન્ડિયાએ હૉકી ઇન્ડિયાના પ્રથમ વાર્ષિક પુરસ્કાર એનાયત કર્યાં. હૉકી ઇન્ડિયાએ ત્રણ વખત ઓલમ્પિક ગોલ્ડ મેડલ વિજેતા ટીમના સભ્ય રહેલ બલબીરસિંહ સિનિયરને 'લાઇફટાઇમ એચિવમેન્ટ' પુરસ્કારથી સન્માનિત કર્યા. પુરુષ હૉકી ટીમના ડિફેન્ડર બિરેન્દ્ર લાકરા અને મહિલા હૉકી ટીમની સ્ટ્રાઇકર વંદના કટારિયાને ક્રમશઃ શ્રેષ્ઠ પુરુષ અને શ્રેષ્ઠ મહિલા હૉકી ખેલાડીના ધ્રુવ બત્રા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા.
- દિલ્હીની સુંદરી અદિતિ આર્યએ 'FBB ફેમિના મિસ ઇન્ડિયા વર્લ્ડ 2015'નો ખિતાબ જીત્યો. અદિતિ 'મિસ વર્લ્ડ' સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે.

www.crackgpsc.com

- ઇસરોએ ગાંધી શાંતિ પુરસ્કાર 2014 જીત્યો. ઇસરોએ માર્સ ઑર્બિટર મિશન (MOM-Mars Orbiter Mission)ને માત્ર 450 કરોડ રૂપિયાના ખર્ચથી સફળતાપૂર્વક લૉન્ચ કર્યું હતું. આ લૉન્ચથી ભારત મંગળ ગ્રહ પર પ્રવેશ કરનાર પ્રથમ એશિયન દેશ બન્યો. વિવિધ પ્રકારના સંશોધન અને સંચાર ઉપગ્રહોને લૉન્ચ કરવા ઉપરાંત, ઇસરો તેની આધુનિક ટેક્નોલૉજીના આધારે ઉપગ્રહ આધારિત શિક્ષણ, આરોગ્ય સંભાળ અને સતત આર્થિક વિકાસ માટે સામુદાયિક પ્રવૃત્તિઓ માટે સંપર્ક દ્વારા દેશના વિકાસમાં યોગદાન આપે છે.

### ગાંધી શાંતિ પુરસ્કાર

☞ અહિંસા દ્વારા સામાજિક, આર્થિક અને રાજકીય પરિવર્તન માટે આપવામાં આવતા ગાંધી શાંતિ પુરસ્કારની રચના 1995માં મહાત્મા ગાંધીની 125મી જયંતિના પ્રસંગે કરવામાં આવી હતી. તે વ્યક્તિ કે સંગઠનને અહિંસા દ્વારા સામાજિક, આર્થિક અને રાજકીય પરિવર્તન લાવવા માટે આપવામાં આવે છે. આ પુરસ્કાર હેઠળ એક કરોડ રૂપિયા અને એક પ્રશસ્તિ પત્ર આપવામાં આવે છે.

- ઇસરોએ નેવિગેશનલ ઉપગ્રહ ગ્રૂપના ચોથા ઉપગ્રહ IRNSS 1D (Indian Regional navigational atellite Sy tem)ને આંધ્રપ્રદેશમાં આવેલા શ્રીહરિકોટાના સતિશ ધવન અવકાશ કેન્દ્રથી ધ્રુવીય ઉપગ્રહ પ્રક્ષેપણ યાન PSLV-C 27 (Polar Satellite Vehicle C 27) દ્વારા લૉન્ચ કર્યો. આ ઉપગ્રહનું વજન 1425 કિલોગ્રામ છે અને તેનો કાર્યકાળ 10 વર્ષ છે. IRNSS 1D દક્ષિણ એશિયાની સીમા પર નજર રાખશે અને તેને દેશની સાથે જ સરહદથી 1500 કિલોમીટર સુધી ઉપયોગકર્તાઓને સચોટ સ્થાનની માહિતી પૂરી પાડશે. તેના દ્વારા સ્થાનિક અને દરિયાઈ નેવિગેશન, આપત્તિ વ્યવસ્થાપન, વાહન ટ્રેકિંગ, પર્વતારોહકો અને મુસાફરો માટે દિશાસૂચક મદદ અને ડાઇવર્સ માટે દ્રશ્ય તેમજ વોઇસ નેવિગેશન સુવિધા ઉપલબ્ધ કરાવાશે. IRNSS સિસ્ટમમાં સાત ઉપગ્રહ સામેલ હશે. તેને 1420 કરોડ રૂપિયાના ખર્ચથી વર્ષ 2015 સુધી પૂર્ણ કરવાનું લક્ષ્ય છે. આ ઉપગ્રહ IRNSS શ્રેણીના સાત ઉપગ્રહોમાંથી ચોથો ઉપગ્રહ છે. એક વખત તમામ ઉપગ્રહ લૉન્ચ થયા પછી IRNSS અમેરિકન GPS નેવિગેશનલ સિસ્ટમની સમકક્ષ હશે.
- વિશ્વની નંબર વન બેડમિન્ટન ખેલાડી સાઇના નેહવાલે ઇન્ડિયન ઓપન સુપર સીરિઝ બેડમિન્ટન ચેમ્પિયન 2015નો ખિતાબ જીત્યો. આ સાઇના નેહવાલનો પ્રથમ ઇન્ડિયા ઓપન સુપર સીરિઝ બેડમિન્ટન ખિતાબ છે. કિદામ્બી શ્રીકાંતે ઇન્ડિયા ઓપન વર્લ્ડ સુપર સીરિઝ ટુર્નામેન્ટમાં પુરુષ એકલનો ખિતાબ જીત્યો.
- ઑસ્ટ્રેલિયાએ વર્લ્ડ કપ ફાઇનલ 2015માં ન્યુઝિલેન્ડને સાત વિકેટથી હરાવી વર્લ્ડ કપનો ખિતાબ જીત્યો. ઑસ્ટ્રેલિયા વર્લ્ડ કપની એક માત્ર એવી ટીમ છે જેના નામે પાંચ વર્લ્ડ કપ ટાઇટલ છે. ઑસ્ટ્રેલિયા પછી ભારત અને વેસ્ટઇન્ડિઝ (બે-બે વર્લ્ડ કપ)નું નામ આવે છે.

- સાઇના નેહવાલ વિશ્વની નંબર વન રેન્કિંગ મેળવનારી ભારતની પ્રથમ મહિલા બેડમિન્ટન ખેલાડી બની. આ સ્થાને પહોંચનારી સાઇના નેહવાલ ભારતની પ્રથમ મહિલા અને દેશની બીજી બેડમિન્ટન ખેલાડી બની ગઈ છે. તેની પહેલાં પ્રકાશ પાદુકોણે વર્લ્ડ નંબર વન બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું હતું. લંડન ઓલમ્પિક કાંસ્ય પદક વિજેતા સાઇનાએ તેની કરિયરમાં 14 આંતરરાષ્ટ્રીય ખિતાબ જીત્યા છે. હાલમાં જ તે ઑલ ઇંગ્લેન્ડ ચેમ્પિયનશિપ ફાઇનલમાં પહોંચનાર પ્રથમ ભારતીય મહિલા બની હતી.
- SBIએ જીવન વીમા સાહસમાં તેની 10% ભાગીદારી વેચવાની જાહેરાત કરી.
- વાઈસ એડમિરલ સુનિલ લાંબાએ દક્ષિણી નૌસેના કમાનના ફ્લેગ ઑફિસર કમાન્ડિંગ-ઇન-ચીફનો કાર્યભાર સંભાળ્યો.
- હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી વીરભદ્રસિંહે એન્ડ્રોઇડ આધારિત મોબાઇલ એપ 'ઈ-વિધાન'ની શરૂઆત કરી. 'ઈ-વિધાન' મોબાઇલ એપની મદદથી તમામ સભ્યો કાર્યો તેમજ તારાંકિત અને અતારાંકિત પ્રશ્નો અને ઉત્તરોની યાદી 45 મિનિટ પહેલાં જ જોઇ શકાશે અને તેમને સદનની કાર્યવાહી વિશે જાણકારી પણ મળશે. વિધાનસભામાં રજૂ કરાયેલ બિલ પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. તેની સાથે જ હિમાચલ પ્રદેશ વિધાન સભા ઈ-વિધાન મોબાઇલ એપ્લિકેશન લૉન્ચ કરનાર દેશની પ્રથમ રાજ્ય વિધાનસભા બની ગઈ. ઈ-વિધાન સિસ્ટમથી દર વર્ષે લગભગ 8 કરોડ રૂપિયા બચશે જે કાગળ પર ખર્ચ થતા હતા.
- કાત્સુશી ઇનૂ હોન્ડા કાર્સ ઇન્ડિયા લિમિટેડ (HCIL) ના અધ્યક્ષ અને CEO નિયુક્ત.
- ન્યુઝીલેન્ડના સ્પિનર ડેનિયલ વિટોરીએ ઇન્ટરનેશનલ ક્રિકેટનાં તમામ **સ્વરૂપોથી** નિવૃત્તિ લીધી. વિટોરીએ શ્રેષ્ઠ બૉલિંગ કરી ન્યુઝીલેન્ડને વર્લ્ડ કપની ફાઇનલ સુધી પહોંચાડવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. વિટોરી ન્યુઝીલેન્ડના સૌથી વધુ ટેસ્ટ અને વન ડે મેચ રમનાર ખેલાડી છે. ન્યુઝીલેન્ડ તરફથી તેમની વધુ ટેસ્ટ વિકેટ માત્ર સર રિચાર્ડ હેડલીના નામે (431 વિકેટ) છે. ટેસ્ટ મેચોમાં તે 4000 રન અને 300 વિકેટ લેનાર ત્રીજા ખેલાડી છે. તેની પહેલાં કપિલ દેવ અને ઇયાન બૉથમ છે. તે વન ડે મેચમાં ન્યુઝીલેન્ડના સૌથી વધુ વિકેટ લેનાર બૉલર છે.
- હૉકી ઇન્ડિયાએ ત્રણ વખત ઓલમ્પિક ગોલ્ડ મેડલ વિજેતા ટીમના સભ્ય રહેલા બલબીર સિંઘ સિનિયરને મેજર ધ્યાનચંદ લાઇફટાઇમ એચિવમેન્ટ પુરસ્કારથી સન્માનિત કર્યા.
- ઑસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમના વાઇસ કેપ્ટન તેમજ વિકેટકીપર બ્રેડ હેડિને ઇન્ટરનેશનલ વન ડે મેચમાંથી નિવૃત્તિ લીધી.
- કેન્દ્ર સરકારે આંધ્ર પ્રદેશ માટે નવી રાજધાની માટે 1500 કરોડ રૂપિયાની સહાયની મંજૂરી આપી.
- કેન્દ્રિય પૂર્વોત્તર પ્રદેશ વિકાસ (Development of NortSea tern Region-DoNER) રાજ્યમંત્રી ડૉ. જીતેન્દ્ર સિંઘે ગુવાહાટી યુનિવર્સિટી (આસામ) માટે 'બ્રહ્મપુત્ર સ્ટડી સેન્ટર'ની જાહેરાત કરી.



www.crackgpsc.com

- જાપાને ચિબા પ્રાંતના મેકુહારી મેસ્સી કન્વેન્શન સેન્ટરમાં વિશ્વના સૌપ્રથમ ઓટાકૂ એક્સ્પોનું આયોજન કર્યું.
- ગેરાલ્ડ પોઝનરે લખેલા પુસ્તક ‘ગોડ બેન્કર્સ- એ હિસ્ટ્રી ઑફ મની એન્ડ પાવર’નું વિમોચન કરવામાં આવ્યું. ગેરાલ્ડ પોઝનરે આ પુસ્તક દ્વારા વેટિકનના 200 વર્ષના ઇતિહાસને રજૂ કર્યો છે. આ પુસ્તકમાં રાજકીય ષડયંત્ર અને કેથોલિક ચર્ચની અંદરના કામકાજ વિશેની જાણકારી આપવામાં આવી છે. આ પુસ્તકમાં બતાવાયું છે કે કેવી રીતે વેટિકન શ્રદ્ધાના કેન્દ્રથી સત્તા અને ધનના કેન્દ્રમાં રૂપાંતરિત થયું.
- રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ મહાન શિક્ષણવિદ્ અને કાશી હિન્દુ વિશ્વવિદ્યાલય (BHU-Banaras Hindu University)ના સંસ્થાપક મહાનુભાવ પંડિત મદન મોહન માલવિયને ભારત રત્ન (મરણોપરાંત)થી સન્માનિત કર્યાં. ભારત રત્નથી નવાજાયેલ વ્યક્તિને રાષ્ટ્રપતિ દ્વારા હસ્તાક્ષર થયેલું પ્રમાણપત્ર અને એક ચંદ્રક આપવામાં આવે છે. તેમાં કોઈ ધનરાશિ હોતી નથી. પોતાના મહાન કાર્યોના કારણે તે ‘મહામના’ કહેવાયા. તેઓ માલવાના મૂળ નિવાસી હતા, માટે માલવીય કહેવાયા. 1916માં તેમણે કાશી હિન્દુ વિશ્વવિદ્યાલય (BHU)ની સ્થાપના કરી.

**ભારત રત્ન**

☞ ભારત રત્ન, ભારતનું સર્વોચ્ચ નાગરિક સન્માન છે. ભારત રત્ન આપવાની વ્યવસ્થા - 2 જાન્યુઆરી 1954ના દિવસે ભારતના તત્કાલીન રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે કરી હતી. તે સમયે માત્ર જીવિત વ્યક્તિને આ સન્માન આપવામાં આવતુ હતું, પરંતુ વર્ષ 1955માં મરણોપરાંત પણ સન્માન આપવાની જોગવાઈ ઉમેરવામાં આવી. આ સન્માન રાષ્ટ્રીય સેવા માટે આપવામાં આવે છે. આ સેવાઓમાં કલા, સાહિત્ય, વિજ્ઞાન, સાર્વજનિક સેવા અને રમત સામેલ છે. વર્ષ 2013માં પ્રથમ વખત રમત ક્ષેત્રમાં ભારતરત્ન આપવાનો નિર્ણય લેવાયો અને ક્રિકેટર સચિન તેંડુલકરને આ સન્માન આપવામાં આવ્યું. વર્ષ 2013માં સચિનની સાથે જ વૈજ્ઞાનિક સીએન રાવને પણ ભારત રત્ન આપવામાં આવ્યો હતો. એક વર્ષમાં વધુમાં વધુ ત્રણ વ્યક્તિઓને જ ભારત રત્ન આપવામાં આવી શકે છે. આ ચંદ્રકની ડિઝાઇનમાં તાંબાના બનેલા પીપળના પાન પર પ્લેટિનમનો ચમકતો સૂર્ય બનેલો હોય છે. જેના નીચે ચાંદીમાં “ભારત રત્ન” લખાયેલ હોય છે. અત્યાર સુધી કુલ 45 લોકોને ભારત રત્ન એનાયત થયો છે. સી. રાજગોપાલાચારી, સી.વી. રામન અને રાધાકૃષ્ણનને સૌથી પહેલાં 1954માં આ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

- લાલકૃષ્ણ અડવાણી, પ્રકાશ સિંઘ બાદલ, દિલીપ કુમાર, અમિતાભ બચ્ચન, જગદ્ગુરુ રામાનંદાચાર્ય, સ્વામી રામભદ્રાચાર્ય, ડૉક્ટર ડી વિરેન્દ્ર હેગડે, મલુર રામાસ્વામી શ્રીનિવાસ, કરીમ અલ હુસૈની આગા ખાન, કોટ્ટાયમના વેણુગોપાલને ‘પદ્મ વિભૂષણ’ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા.

www.crackgpsc.com

- ફિલ્મ નિર્દેશક સંજય લીલા ભણસાલી, લેખક તેમજ ગીતકાર પ્રસૂન જોશી, ભૌતિકશાસ્ત્રી ડૉ. રણદીપ ગુલેરિયા, 'ચાચા ચૌધરી' જેવા જાણીતા કાર્ટૂન ચરિત્રના રચયિતા કાર્ટૂનિસ્ટ પ્રાણ (મરણોપરાંત), બેડમિન્ટન ખેલાડી પીવી સિંધુ, હૉકી સ્ટાર સરદારા સિંઘ અને એવરેસ્ટ સર કરનારી અરુણિમાસિંઘ અને ચાર ગુજરાતી ગુણવંત શાહ (વિચારક અને લેખક), તારક મહેતા (હાસ્ય લેખક), ડૉ. એચ એલ ત્રિવેદી (યુરોલોજીસ્ટ), ડૉ. તેજસ પટેલ (કાર્ડિયોલોજીસ્ટ)ને 'પદ્મશ્રી'થી સન્માનિત કરવામાં આવ્યા.
- પંજાબના મુખ્યમંત્રી અને શિરોમણી અકાલી દળના નેતા પ્રકાશ સિંઘ બાદલ, સતપાલસિંઘ, પ્રખ્યાત વકીલ હરીશ સાલ્વે, પત્રકાર દાસગુપ્ત તેમજ રજત શર્મા, બિલ ગેટ્સ (અમેરિકા), સુશ્રી મેલિન્ડા ગેટ્સ (અમેરિકા), વગેરેને 'પદ્મ ભૂષણ'થી સન્માનિત કરવામાં આવ્યા.




www.crackgpsc.com